
# અધ્યાત્મ




વર્ષ : ૨૩ ફેબ્રુઆરી : ૨૦૦૨ અંક : ૫

## * સર્વોપયોગી સાધના : ધ્યાન *

સાધનાને નામે આપણે ત્યાં પરંપરાગત પ્રક્રિયાઓ, પદ્ધતિઓ અને પ્રણાલિઓ પ્રતિમાન છે. એ પ્રક્રિયાઓમાં કેટલીક પ્રક્રિયાઓ કાંઇક કઠિન હોય છે. ખાસ કરીને યોગાભ્યાસ સાથે સંબંધ ધરાવનારી આસન, ષટ્ક્રિયા, ત્રાટક, પ્રાણાયામ, મુદ્રા, ધારણા, ધ્યાન તથા સમાધિની પ્રક્રિયાઓ મોટી કે કષ્ટસાધ્ય કહેવાતી સાધના પ્રત્યે પૂરતું લક્ષ્ય આપવામાં આવે તો જીવન શાંત, સંવાદી તથા સફળ બને. એ સાધનાની વિશિષ્ટતા એ છે કે એનો અનુભવ અબાલવૃદ્ધ સૌ કોઇ સર્વ સ્થળે કરી શકે છે. એને માટે બાહ્ય ત્યાગની અનિવાર્ય આવશ્યકતા નથી હોતી. પ્રત્યેક વ્યક્તિ ઘરમાં હોય કે વનમાં, વિજનમાં હોય કે વસતિમાં, ત્યાગી હોય કે સંસારી તો પણ એનો આધાર લઇ શકે છે. ધ્યાનની સાધનાની એ પ્રક્રિયા દેખાય છે સરળ પરંતુ ખૂબ જ મંગલ, અમોઘ આશીર્વાદરૂપ છે. સૌ કોઇ સરળતાથી કરી શકે છે. એ સાધનાના પરિણામો ધાર્યા કરતાં પ્રાણવાન અને શકવર્તી નીવડે છે.

વેદના સ્વાનુભવસંપન્ન સ્વનામધન્ય પ્રાતઃસ્મરણીય પરમાત્મદર્શી ઋષિવરો જણાવે છે કે સ્થૂળ–સૂક્ષ્મ શરીરોમાં, સ્થૂળ–સૂક્ષ્મ જગતમાં વ્યાપક સર્વના પાલક પોષક, સર્જક સંહારક પરમાત્માનું અમે ધ્યાન કરીએ છીએ. એ પરમાત્મા અમારી બુદ્ધિને એવી રીતે આયોજિત કરે, પ્રેરે, કે અમે એમનો સાક્ષાત્કાર સાધી શકીએ. જીવનને સુખમય, શાંતિસભર, સ્વસ્થ, સંવાદિ બનાવી શકીએ. ગાયત્રી મંત્રની એ મધ્યવર્તી વિચારધારા છે. એ મંત્રોના ભાવની ધારણા, ધ્યાન અને સમાધિના અંતરંગ અભ્યાસમાં પરમાત્માભિમુખ કરવામાં મદદ કરે છે.

**યોગેશ્વરજી**


# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૫૦–૦૦ (વિમાનથી)

⊗ **સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).

⊗ **તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

⊗ **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૯૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.

⊗ **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.

⊗ **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની. ફોન : **૫૬૫૮૧૧**

⊗ **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪સી–૧, બોરડીગેટ, ભાવનગર–૧. ફોન : **૨૦૨૧૬૧**


### લેખકોને નિમંત્રણ

⊗ અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે. ⊗ લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

⊗ ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો. ⊗ 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો. ⊗ 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે. ⊗ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે. ⊗ 'અધ્યાત્મ'અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે. ⊗ દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| અભિનંદનીય શુભસંકલ્પ | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| इति योग कथयते | ડો. હિમાંશુ પાઠક | ૧૦ |
| સર્વરોગ નિદાનયજ્ઞના પ્રારંભ પહેલાં | નારાયણ હ. જાની | ૧૩ |
| સર્વરોગ નિદાનયજ્ઞના પ્રતિભાવો | ડો. બી. જે. જાગાણી | ૨૦ |
| માંડૂક્ય ઉપનિષદ્ (૨) | યોગેશ્વરજી | ૨૩ |
| અકળ અનુભૂતિની એક અનોખી સત્ય ઘટના | પ્રા. સી. કે. શાહ | ૨૭ |
| भोजन समय की प्रार्थना | प्रा. शशिकान्त कोन्ट्राक्टर | ३० |
| સ્વર્ગારોહણની એક સત્યઘટના | ઘટનાના સાક્ષી | ૩૫ |
| સ્વીકાર | સર્વેશ્વરી | ૩૮ |
| દર્શન–પૂ. માનું | સુરેશ શાહ | ૩૯ |
| પુસ્તક અવલોકન | યશસ્વીભાઇ મહેતા | ૪૪ |
| રામકથા | યોગેશ્વરજી | ૪૫ |
| યુવા શિબિરમાં પૂ. માના વ્યવહારનું નિરીક્ષણ | તંત્રી | ૪૯ |
| રાધા કરે કૃષ્ણને યાદ | યોગેશ્વરજી | ૫૩ |
| My Shradhdha | Rahul Shakyaputra | ૫૪ |
| મારી શ્રદ્ધા | તંત્રી | ૬૦ |


# * અભિનંદનીય શુભસંકલ્પ *

શ્રી વાસુદેવ શ્રી પદ્માબેન–[એડમન્ટન–કેનેડા]
શ્રીઅંબેલાલ શ્રી હંસાબેન–[ટોરન્ટો–કેનેડા]
શ્રીપ્રભુદાસ શ્રી રૂક્ષ્મણીબેન–[ટોરન્ટો–કેનેડા]

કેનેડાની આ ત્રીજી શિબિરની પૂર્ણાહુતિ પ્રસંગે આ ભક્ત ત્રિપુટીના મનઅંતરે શુભસંકલ્પ જાગ્યો.

અધ્યાત્મમાસિકનો ફેબ્રુઆરી ૨૦૦૨ ના અંકનો આર્થિક ભાર અમે સાથે મળીને ઉપાડીશું.

પૂ. શ્રી ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના ચરણકમળમાં પૂ. મા સર્વેશ્વરીની કૃપા–પ્રેરણાથી અર્પણ કરી રહ્યા છીએ.

* * *

હે ભક્ત ત્રિપુટી આપનું સર્વ પ્રકારે સર્વ મંગલ થાઓ એવી પ્રાર્થના.

અતિશય મોંઘવારીમાં આપ જેવા થાંભલાઓના ટેકાથી અધ્યાત્મની ઈમારત ૨૨ વર્ષથી ગૌરવ સાથે ઉન્નત મસ્તકે ઊભી છે. એથી પણ આપ અભિનંદનના અધિકારી છો.

આભાર–અભિનંદન–આશીર્વાદ પ્રભુના.

— મા સર્વેશ્વરી

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૩ ફેબ્રુઆરી—૨૦૦૨ અંક : ૫


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૩/૯/૮૧ ગુરુવાર, ભાદરવા સુદ પાંચમ, ૨૦૩૭**

**સ્થળ : પ્રેસ્ટનથી સાઉથપોર્ટથી પ્રેસ્ટન.**

પ્રેસ્ટનમંદિર જે મકાનમાં છે તે મકાનમાં ચર્ચના પાદરીઓના ટ્રસ્ટની એક શાળા હતી. એ શાળા બંધ થઇ. એ શાળા ચર્ચના ભાગરૂપ હતી, તેથી જ્યારે એ મકાન ગુજરાતી ભાઇઓએ ખરીદ્યું ત્યારે શરત થઇ, આ જગ્યા મંદિર તરીકે નહીં પણ પ્રાર્થનાના હોલ તરીકે જ વાપરવી. જેથી ગુજરાતી ભાઇઓએ એ સ્થાનનું નામ મંદિર નથી આપ્યું. ગુજરાત હિન્દુ સોસાયટી કલચર સેન્ટર નામ આપ્યું છે.

આજે પૂ. શ્રીનો સવારનો ક્રમ નિયમિત રહ્યો. આજે સાઉથ-પોર્ટ નામના શહેરમાંથી શ્રી મનહરભાઇ મુલાકાતના સમયે આવ્યા છે. તેઓ પૂ. શ્રીને સાઉથપોર્ટ લઇ જવાના છે.



પ્રેસ્ટનથી સાઉથપોર્ટ ૧૮ જ માઇલ દૂર છે. દરિયાકિનારે આવેલું હવા ખાવાનું સ્થળ તરીકે તે જાણીતું છે. ત્યાં જ શ્રી મનહરભાઇ રહે છે. શ્રી મનહરભાઇ યુનિવર્સિટીમાં પ્રોફેસરોની પસંદગી કરવાનું કાર્ય કરે છે.

એમને ત્યાં ગાડીમાં જવાનું બન્યું. પોણો કલાકમાં તો પહોંચી ગયાં. સ્વાગત બાદ ભોજનમાં ખીચડીશાક લીધાં.

શ્રી મનહરભાઇએ વાતચીત કરતાં જણાવ્યું કે ભારતથી ૧૯૭૭ માં એક ભાઇનો પત્ર આવ્યો કે યોગેશ્વરજી લંડન આવ્યા છે તો સત્સંગનો લાભ લેજો. કાગળ તો વાંચ્યો પણ યોગેશ્વરજી કોણ? ને ક્યાં હશે? તે પહેલાં કોઇ વાર કોઇ સંતનો સત્સંગ થયેલો નહિ.

એ કાગળ આવ્યા પછી અમે કામ અંગે લેસ્ટર શહેરમાં ગયેલા. ત્યાં મંદિરે દર્શન કરવા જવાની મારાં ધર્મપત્નીને ટેવ એટલે મંદિરમાં ગયા. ત્યાં વાંચ્યું કે યોગેશ્વરજીનાં પ્રવચનો ચાલે છે. મને થયું પેલો પત્ર આવ્યો છે તે જ યોગેશ્વરજી હોવા જોઇએ. તપાસ કરી. મુલાકાતમાં મળ્યા. પ્રથમવાર શ્રી યોગેશ્વરજીને જોયા ને જોતાં જ મને થઇ ગયું કે મારા મનમાં જે છાપ—જે આકૃતિ રમતી હતી તે જ આ યોગેશ્વરજી છે. મળ્યા, વાતો કરી, ત્યારથી આ સત્સંગ તરફ થોડો થોડો વળ્યો છું.

એમના ઘરે સંતપુરુષ તરીકે જો કોઇ પધાર્યું હોય તો તે યોગેશ્વરજી પ્રથમ જ હતા. આજે પણ ચાર વરસે સંત તરીકે પૂ. શ્રી જ પધાર્યાં છે. એનો એમને આનંદ અને સંતોષ છે. એ ભાઇ માને છે કે નીતિથી જીવવું, કોઇને મદદરૂપ થવું ને ગુરુ કરવા હોય તો એક જ કરવા.

ભોજનબાદ દરિયાકિનારે ફરવા જવાનું બન્યું. દરિયા કિનારે અંગ્રેજ સ્ત્રીપુરુષો, બાળકો સ્નાન કરતાં, સૂર્યપ્રકાશમાં લાંબા થઈને રેતી ઉપર સૂતેલાં. કેટલાંક ચાલતા, કેટલાક દોડતા જોવા મળ્યા. કેટલાંક વળી પોતાના કૂતરા સાથે રમતા ને સ્નાન કરતા જોયા.

અંગ્રેજ સ્ત્રીપુરુષો પોતાની મોટી ગાડી–વાન લઈને જ આવે. એમાં રસોડુ, ઓરડા વિગેરે હોય. વાનનો અમુકભાગ લાંબો થઈને મોટું ઘર બની શકે એવી સગવડવાળો હોય છે. કેટલાક તંબુ બાંધીને સ્નાન ને સૂર્યપ્રકાશનો આનંદ લેતા હતા.

દરિયાસુધી જતા પહેલાં "ધ ફેમસ મોડેલ વીલેજ" નામનું એક સ્થળ જોવા ગયા. તેમાં ટિકિટ લઈને પ્રવેશ મેળવવાનો હતો.

આદર્શ ગામડું, કુદરતી દૃશ્યો, નાનાં નાનાં વૃક્ષો, વેલી, ઝરણાં વિગેરે જોવા મળ્યાં. એમાં નાનકડી ઈલેક્ટ્રીક ટ્રેઇન વિગેરે પણ હતી.

ફરીથી સાઉથપોર્ટ ઉતારા ઉપર આવી ગયાં. શ્રી મનહરભાઈનાં ધર્મપત્ની શ્રી સુલોચનાબેને સર્વેશ્વરીને એક સ્વેટર ને સાડી ભેટ આપ્યાં. પણ સર્વેશ્વરીએ પોતાનો નિયમ સમજાવી તે ભેટ પાછી વાળી.

સાઉથપોર્ટમાં ભારતીય ઘણા ઓછા છે. તેમાં ગુજરાતી તો એક બે જ છે. છતાં શ્રી મનહરભાઈ પોતાના પરિવાર સાથે પવિત્રતાથી ભારતીય આદર્શ પ્રમાણે જીવન જીવે છે. આખોયે પરિવાર પ્રેમાળ જણાયો.

સાઉથપોર્ટથી સમયસર પ્રેસ્ટન આવી ગયા. પૂ. શ્રી પોતાની પ્રાર્થના પૂરી કરી, નીચે આવે છે ત્યારે મુલાકાતીઓ છ વાગ્યા



હોવાથી આવી ગયા હોય છે. આજની પ્રશ્નોત્તરીના પ્રશ્નો નીચે મુજબ હતા.

પ્રશ્નો : (૧) જીવન ને મૃત્યુ એ બે વચ્ચેનો જે સમય છે તેમાં જીવ કઈ યોનિમાં ને કેટલો વખત રહે?

(૨) શરીર, આત્મા ને પ્રકૃતિ એ ત્રણ જુદાં કે એક છે?

(૩) ધ્યાનમાં બેસવા શું કરવું જોઈએ?

પ્રશ્નોના ઉત્તરોથી પૂછનારાઓને પણ સંતોષ થઈ ગયો. ધ્યાનની રીત પણ બતાવી.

સમયસર પ્રવચન થયું. પ્રવચનબાદ એક બેને સત્કર્મમાં વાપરવાની રકમ આપી. વળી શ્રી છોટાભાઈ સાથે વાતો કરતાં જણાયું કે ગુરુજી ગયે વખતે પ્રેસ્ટન આવ્યા, ત્યારે અમારે ત્યાં જ ઉતારો હતો, ત્યારે એક વાર ઇંગ્લેન્ડના એક મંદિરને આગ લાગી. એ સમાચાર મને ફોનથી મળ્યા. ફોન પૂરો કરી મેં ગુરુજીને પૂછ્યું, "આગ કેમ લાગી હશે?" ત્યારે ગુરુજી(યોગેશ્વરજી)એ કહ્યું, "મંદિરમાં ભગવાન શંકરની પૂજા બરાબર થતી નથી એ જ કારણ છે."

અને સાચે જ મેં જ્યારે પાછળથી પૂરેપૂરી તપાસ કરી ત્યારે તે જ વાત અનેકના મુખેથી જાણવા મળી.

પૂ. શ્રી યોગેશ્વરજીને તેઓ ગુરુજી કહે છે ને ખૂબ પૂજ્યભાવ ને શ્રદ્ધાભક્તિ રાખે છે.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવી, આરામ.

**તા. ૬/૯/૮૧ રવિવાર, ભાદરવા સુદ આઠમ, ૨૦૩૭**

**સ્થળ : પ્રેસ્ટન શહેરથી વિદાય–બોલ્ટન શહેર–ઈંગ્લેન્ડ.**

ગઈરાત્રે સૌ ભાવિક ભાઈબેનોએ વિદાય આપી. અહીંના

પ્રમુખે પૂ. શ્રી સાથે ગઈરાત્રે વાતો કરતાં કહ્યું, "યુવાનોને ધર્મનું શિક્ષણ અંગ્રેજીમાં મળે તે માટે આપ એક અંગ્રેજી પુસ્તક લખો. અહીં એક સર્વધર્મપરિષદ બોલાવવાનો વિચાર છે જેમાં આપ પણ પધારો."

આજે સવારે પૂ. શ્રીનો સ્નાનથી માંડીને લેખન સુધીનો ક્રમ નિયમિત રહ્યો. મુલાકાતના સમયે સૌ ભાઈબેનો આવે છે. થોડાક ભાઈઓએ અહીં પૂ. શ્રીના માર્ગદર્શન હેઠળ એક ધ્યાનકેન્દ્ર થાય એવી ઈચ્છા વ્યક્ત કરી. એક અઠવાડિયું યોગ ઉપર પ્રવચનો થાય એવી માંગણી પણ પૂ. શ્રીને કરવામાં આવી. વળી નવરાત્રીમાં પૂ. શ્રી અહીં ફરી પધારે ને પ્રવચનો થાય. વળી યુવાન વર્ગ સાથે પૂ. શ્રીનો પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ ગોઠવાય, એવી પણ મંદિરના પ્રમુખ શ્રી છોટાભાઈ વાતો કરે છે.

આજે જાતે ખીચડી કઢી શાક બનાવ્યાં. ભોજન લીધું. થોડો આરામ કરી લેખન કર્યું.

આજે સાંજે પાંચ વાગ્યે પ્રેસ્ટન મંદિરની જનરલ મીટીંગ હતી. એમાં પ્રમુખની વિનંતિથી પૂ. શ્રી આશીર્વચન આપવા જાય છે. ત્યાં પૂ. શ્રીનું સ્વાગત થયું. પૂ. શ્રીની અનિચ્છા હોવા છતાં મીટીંગમાં આવવાનું બને છે. પૂ. શ્રીએ ઉપનિષદના શ્લોક સાથે સંપ ને સહકારથી સૌ કામ કરે એવી શુભેચ્છા વ્યક્ત કરી.

પ્રેસ્ટનથી બોલ્ટન નજીક છે. શ્રી વિઠ્ઠલભાઈ લેવા માટે આવી ગયા હતા. એક જ કલાકમાં તો બોલ્ટન આવી પણ ગયા.

શ્રી છોટુભાઈને ત્યાં ઉતારો. તેઓ સત્યસાંઈબાબાના ભક્ત છે. એમનાં ધર્મપત્ની પણ સેવાભાવી ને ભાવિક જણાયાં.

આજે વિશ્વહિન્દુ પરિષદના મંદિરમાં પૂ. શ્રીનું પ્રથમ પ્રવચન



થયું. પ્રવચનને અંતે એક કાર્યકર્તાબેને કહ્યું : મેં ગઈકાલે જ શ્રી યોગેશ્વરજીની આત્મકથા પ્રકાશના પંથેનું વાંચન પૂર્ણ કર્યું. આત્મકથા ખૂબ સરસ છે. સૌએ તે પુસ્તક વાંચવું જોઈએ.

ઉતારા ઉપર સમયસર આવી ગયા. દૂધ પીને આરામ.

(ક્રમશઃ)

**સુવાક્ય**

જીવનની સર્વોત્તમ સિદ્ધિ છે મનની શાંતિ, જીવનચક્રમાંથી મુક્તિ અને પરમાત્મદર્શન. **યોગેશ્વરજી**

ઘ. : ૪૬૩૪૩૧ ઓ. : ૩૬૨૪૩૭
: ૪૮૦૪૨૮ : ૩૬૦૩૭૬

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

૧/W, ભક્તિનગર ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ-૩૬૦૦૦૨

# इति योग कथयते

ડૉ. હિમાંશુ પાઠક

દવા વગર પણ બ્લડપ્રેશરને કાબૂમાં રાખી શકાય છે.

ઉપરના વાક્યના સંદર્ભમાં સમીરભાઈનો પ્રશ્ન છે કે શું ખરેખર દવા વગર હાઈબ્લડપ્રેશરને કાબૂમાં રાખી શકાય? કેવી રીતે?

સમીરભાઈઃ–તમારા પ્રશ્નનો જવાબ છે, 'હા'. હાઈબ્લડ-પ્રેશરના પ્રત્યેક દર્દીની ઈચ્છા ગોળી–ટીકડીમાંથી મુક્તિ મેળવવા-ની હોય છે. પરંતુ એ માર્ગ થોડોક લાંબો છે. સામાન્ય માનવ-માત્રને ટૂંકા માર્ગે સફળતા મેળવવાની ટેવ પડી ગઈ છે. જો હાઈબ્લડપ્રેશર નામના 'રાક્ષસ'ને દવા વગર મહાત કરવો હોય તો બસ આટલું કરો.

(૧) યોગાસનની નિયમિત પ્રેકટીશ કરવી. રોજ ૨૦ થી ૩૦ મિનિટ યોગાસન કરવાથી હાઈબ્લડપ્રેશરમાં ખાસ્સો ફરક પડે છે. યોગાસનની વાત નીકળે એટલે મોટાભાગે એવો પ્રશ્ન પૂછવામાં આવે છે કે હાઈબ્લડપ્રેશર માટે સર્વશ્રેષ્ઠ આસનો કયાં કયાં છે?

એક જ લીટીમાં આ પ્રશ્નનો જવાબ આપવાનો હોય તો કહી શકાય કે હાઈબ્લડપ્રેશર ઓછું કરવા માટે તમે કયાં આસનો કરો છો, એના કરતાં કેવી રીતે આસનો કરો છો, એ વધારે અગત્યની વાત છે. એટલે મારો દશ વર્ષનો અનુભવ તો એમ કહે છે કે કોઈ પણ યોગાસનથી હાઈબ્લડપ્રેશર ઓછું થઈ શકે, જો તમે યોગા-સન કોઈ અનુભવી વ્યક્તિ પાસે શીખ્યા હોય અથવા અનુભવી



વ્યક્તિની હાજરીમાં કરતા હોય તો.

બીજો અગત્યનો મુદ્દો એ જરૂર છે કે હાઈબ્લડપ્રેશરના દર્દીએ કયાં આસનો ન કરવાં જોઈએ?

ફરીથી મારા અનુભવને આધારે લખું છું કે જો તમે આસનો સાચી રીતે કરતા હો તો કોઈ પણ આસન કરવાથી હાઈબ્લડ-પ્રેશરના દર્દીને નુકશાન થતું નથી. તેમ છતાં એવાં આસનોની યાદી જરૂર છે. જે હાઈબ્લડપ્રેશરના દર્દીએ શરૂઆતમાં ન કરવાં જોઈએ. જેમ કે–

(૧) શીર્ષાસન. (૨) સર્વાંગાસન. (૩) હલાસન. (૪) સૂર્ય-નમસ્કાર. (૫) ભુજંગાસન. (૬) ધનુરાસન. (૭) ચક્રાસન. વગેરે.

જો કે ધીમે ધીમે યોગાસનનું વિજ્ઞાન બરાબર સમજાય તો આ આસનો કરવા છતાં પણ બ્લડપ્રેશરમાં વધારો થતો નથી.

(૨) નિયમિત કસરત કરવી જોઈએ.

હાઈબ્લડપ્રેશરના ઘણા દર્દીઓ એવી ભ્રમણામાં જીવે છે કે ફક્ત યોગાસન કરવાથી બ્લડપ્રેશર કંટ્રોલમાં આવી શકે છે. પણ ઘણા વખતની યોગાસનની પ્રેકટીશ પછી, જો નિયમિત રોજ ૨૦ થી ૩૦ મિનિટ ભૂખ્યા પેટે ઝડપથી ચાલવાથી, તરવાથી અથવા અન્ય કોઈ પણ હળવી કસરત કરવાથી, હાઈબ્લડપ્રેશર ઓછું થઈ જાય છે.

(૩) વજન ઓછું કરવું જોઈએ.

વજનને હાઈબ્લડપ્રેશર સાથે સીધો સંબંધ છે. વજન ઓછું કરવા માટે એક જ નિયમ યાદ રાખવા જેવો છે. જેટલું ખાઓ છો, એટલું વાપરો.

(૪) ખોરાક લેવાની પદ્ધતિમાં ફેરફાર અનિવાર્ય છે. જેમ કે–

* મીઠું, સોડિયમ ફ્લોરાઈડનો વપરાશ ઓછો થવો જોઈએ. મીઠું ખાવાની ટેવ બદલવી જોઈએ, જેમ કે ઘણાં ઘરોમાં સલાડ-પર મીઠું નાંખવામાં આવે છે, અથવા ભાત અને રોટલીના લોટમાં મીઠું નાંખવામાં આવે છે, મીઠું સૌથી વધારે પાપડ અને અથાણા-માં વપરાય છે, જેનો ઉપયોગ ખૂબ સર્વસામાન્ય છે. તો ઘણાં ઘરોમાં ચામાં પણ મીઠું વપરાય છે. આ વપરાશ તત્ક્ષણ બંધ કરી દેવો હિતાવહ છે.

તો બીજી બાજુ ફળોનો ઉપયોગ વધારો. રોજ સરેરાશ ૬૦૦ ગ્રામ ફળ ખાવાની ટેવ રોગમુક્તિ આપે છે.

ચરબી ખાસ કરીને સંતૃપ્ત ચરબી ઓછી જ થવી જોઈએ. ઘી, તેલ, માંસ, ઈંડા, ચીઝ, માખણનો ઉપયોગ નહિવત્ થાય તો સારું.

અને છેલ્લે.

સૌથી વધુ ચિંતાજનક વાત તરફ તમારું ધ્યાન રહી ન જવું જોઈએ. પેપ્સી, કોકાકોલા, લિમ્કા, થમ્સઅપ, ચા–કોફીમાં જે કેફીન છે તે બ્લડપ્રેશર ઘણું વધારે છે. એ વાત કરવા બેસીએ તો ખૂબ સમય જોઈએ. પણ કોકાકોલા કે પેપ્સી પીવાથી પીનારને એક જ ફાયદો થાય છે કે તેમાં રહેલું કેફીન બ્લડપ્રેશર વધારે છે. અને તમારા ડોક્ટરની કાર તમારી આ ભૂલોથી ચાલ્યાં કરે છે.

ઉપરાંત યોગની સુવ્યવસ્થિત તાલીમ લેવી જ જોઈએ એવું આધુનિક વિજ્ઞાને પણ સ્વીકાર્યું છે.



# સર્વરોગ નિદાનયજ્ઞના પ્રારંભ પહેલાં

નારાયણ હ. જાની

સ્વર્ગારોહણના દરવાજે આજે વહેલી સવારથી ભારે ભીડ છે. શિયાળાની કાતિલ ઠંડીમાં પણ દૂર દૂરના ગામોથી વહેલી સવાર-ની બસોમાં લોકો આજે એકઠા થયા છે. જાણે કોઈ મેળો હોય એવું દૃશ્ય ખડું થયું છે.

આજે અહીં સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી સર્વરોગ નિદાનનો મેડિકલ કેમ્પ છે. આ ચોથો કેમ્પ છે. એટલે અહીંના લોકો ટ્રસ્ટના કામથી થોડા પરિચિત છે. અહીં દાક્તરોની તપાસ પછી આંખના ચશ્મા અને રોગની દવા મફત આપવામાં આવે છે.

આ મેડિકલ કેમ્પ જેમની પ્રેરણાથી પ્રયોજાય છે તે મા શ્રી સર્વેશ્વરી પણ પરદેશથી ખાસ આવી ગયાં છે. તેઓએ કેમ્પમાં પોતાને માટે સહુને પાણી પાવાની સેવા સ્વીકારી છે. પૂ. માની આ સેવાના સ્થાને ઘાસની એક નાની ઝૂંપડી ઊભી કરવામાં આવી છે. તેમાં બારીઓ પણ રાખી છે, જેથી પૂ. મા લોકોને જોઈ શકે અને દર્દીઓને પૂ. માનું દર્શન થાય.

આ કેમ્પના પ્રારંભમાં પૂ. યોગેશ્વરજીના સ્વરૂપને પધરાવવા ખાસ બેઠક તૈયાર કરવામાં આવી છે. પ્રભુના સ્વરૂપને ખૂબ ભાવ-પૂર્વક ઊંચકીને–ભજનધૂન સાથેની પરિક્મ્મા ફરીને શ્રી યોગે-શ્વરાય નમઃ ના જયઘોષ સાથે બેઠકપર પધરાવવામાં આવે છે.

આ નિદાનયજ્ઞમાં સેવા આપવા અને પૂ. માનાં દર્શન પામવા લગભગ ૪૦૦ જેટલા સાધકો–ભાઈબહેનો એક દિવસ અગાઉથી દૂર દૂરથી અહીં આવ્યા છે.

પૂ. માની ભાવના છે કે વધુમા વધુ લોકો આ કેમ્પનો લાભ લે. તેથી યુવાન સાધકોએ વીસ પચ્ચીસ માઇલના વિસ્તારના અંદરનાં ગામડાંઓમાં ફરીને પ્રચાર કર્યો છે. એના પરિણામે અગાઉના કેમ્પો કરતાં આ વખતે ઘણા વધારે દર્દીઓ લાભ લેવા આવ્યા છે. કેમ્પના અંતે લાભાર્થીઓમાં ૧૩૫૦ જેટલી બહેનો અને ૧૦૫૦ જેટલા ભાઇઓ નોંધાયા. એક દિવસના આ કેમ્પમાં તપાસવાનું એથી શક્ય બન્યું કે ૨૪ જેટલા નિષ્ણાત દાક્તરોની સેવાનો સરસ સહકાર સાંપડયો. એક રીતે જોઇએ તો આ કોઇ ધંધાદારી કે અન્ય પ્રયોજનવાળી પ્રવૃત્તિ નથી. કેવળ લોકહિતાર્થે અને પ્રભુપ્રીત્યર્થે આ કેમ્પનું આયોજન પૂ. માએ કર્યું છે. એટલે એ એક સેવાયજ્ઞ જ છે.

### સ્વર્ગારોહણમાં સર્વરોગ નિદાન યજ્ઞનું ઉદ્‌ઘાટન

સાક્ષાત્કારી સંતો–માનવજીવનનું પ્રભુપ્રાપ્તિનું ધ્યેય હાંસલ કરીને થોડા બેસી રહે છે! એમનું કરુણાસભર હૃદય એમને દીન–દુ:ખિયોની સેવા કરવા પ્રેરતું રહે છે. પ. પૂ. મા સર્વેશ્વરી પણ આવી જ કરુણાથી પ્રેરાઇ અંબાજીના સ્વર્ગારોહણ આસ-પાસના ગામોના ગરીબાઇ અને શારીરિક બિમારીઓથી પીડાતા લોકોને મદદરૂપ થવા સર્વરોગ નિદાન કેમ્પો–યોજતાં રહે છે. એ મુજબ તા. ૨૭–૧–૨૦૦૨ ના રોજ આવો જ એક સર્વરોગ નિદાન કેમ્પ સ્વર્ગારોહણ ખાતે શ્રી સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના નેજા નીચે પ્રયોજ્યો. આવો આ ચોથો કેમ્પ છે.

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી રાજુભાઇ જાનીની સૂચના મુજબ આ કેમ્પનું ઉદ્‌ઘાટન પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની ઉપસ્થિતિમાં પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના સ્થાપેલ સ્વરૂપ સામે દીપ પ્રકટાવીને પનામાના શ્રી શકુન્તલા ઈશ્વરભાઇ



પટેલે કર્યું. આ નિદાનકેમ્પનો બધો જ ખર્ચ તેઓ તરફથી આપવા-માં આવી રહ્યો છે. આ રકમ તેઓએ પોતાના સમાજમાં દીકરી-ના લગ્ન પહેલાં નવચંડી યજ્ઞ કરાવવાની પ્રવર્તતી પરંપરા બદ-લાવી તે આવા લોકહિતના કામમાં વાપરવાની ઇચ્છા વિદેશમાં પૂ. માને જણાવી. તેમની ભાવના જોઇ, પૂ. માએ તેમના પ્રસ્તાવનો સ્વીકાર કર્યો. એ રીતે તેઓની ભાવના અહીં મૂર્તસ્વરૂપ પામી.

દીપમાંની પાંચ જ્યોતોમાંથી બીજીને પ્રકટાવવાનું સૌભાગ્ય કેનેડાના શ્રી જગુભાઇ મિસ્રીને, તો ત્રીજીને અમેરિકામાં વસતા શ્રી કિશોરભાઇ ભક્તને પ્રાપ્ત થયું. શ્રી જગુભાઇનાં પત્ની શ્રી નીરૂબેને ૨૦૦૧ ના મેડિકલ કેમ્પનો બધો ખર્ચ આપેલ, તો શ્રી કિશોરભાઇ ભક્તે–ઇન્ટર નેટ ઉપર પ. પૂ. ગુરુદેવ અને પૂ. માની વેબસાઇટ મૂકી ઘણી પ્રશંસનીય સેવા બજાવી છે. ચોથી અને પાંચમી જ્યોત્ અનુક્રમે વડોદરાના શ્રી જીતુભાઇ ગાંધી અને અમદાવાદના શ્રી બાબુભાઇ વોરાએ પ્રકટાવી. શ્રી જીતુભાઇ ગાંધી અમેરિકાથી આ યજ્ઞમાં સેવા આપવા ખાસ આવ્યા છે, તો સર્વ-મંગલ ચેરિટેબલ ટ્રસ્ટની વર્ષો સુધીની સેવાની કદર રૂપે પૂ. માએ તેઓની ઉપસ્થિતિ આ રીતે વધાવી.

પોતાના ટૂંકા વક્તવ્યમાં શ્રી શકુબેને જણાવ્યું કે પૂ. માની પનામાયાત્રાના પરિણામે ઘણા લોકોનાં જીવન સુધર્યાં છે. ખાસ કરીને બાળકોનાં. તો હે મા, તમે પનામા વારંવાર આવતાં રહેજો, અને અમારી લક્ષ્મી આવા શુભ કામોમાં વાપરવાની પ્રેરણા ધરતાં રહેજો.

શ્રી જીતુભાઇ ગાંધીએ વિશેષ કાંઇ ન કહેતા એટલું જ જણાવ્યું કે સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટે અહીં જે સુંદર વિકાસ કર્યો છે, તે જોઇ મને આનંદ થાય છે.

આ નિદાન કેમ્પની કાર્યવાહી પ્રત્યક્ષ નિહાળવા પરદેશથી ૨૦ જેટલાં ભાઇબહેનો ખાસ આવ્યાં છે. અહીં થયેલી ઉત્તમ પ્રકારની સેવા જોઇ સૌ અભિભૂત થયા, એટલું જ નહિ પરંતુ સાચા ભારતનું દર્શન અહીં થયું એમ તેમને લાગ્યું.

અંબાજીના આસપાસના ગામોમાં સાધકોએ સારી જહેમત ઊઠાવી નિદાનયજ્ઞના પ્રચારનું કામ કર્યું હતું. એના લીધે જ આટલા બધા દર્દીઓ અહીં આવ્યા હતા.

**૨૪૦૦ દર્દીઓ સર્વરોગ નિદાન કેમ્પનો લાભ પામ્યા.**

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના ઉપક્રમે યોજાયેલ આ ચોથો સર્વરોગ નિદાનકેમ્પ ખરે જ અનોખો બની રહ્યો. વહેલી સવારથી જ દર્દીઓ સ્વર્ગારોહણના દરવાજે લાંબી કતારોમાં ગોઠવાઇ ગયા. એ દૃશ્ય ખરે જ આશ્ચર્ય પમાડે તેવું હતું, તો સાથે સાથે અંબાજી આસપાસના આ વિસ્તારમાં કેવી કારમી ગરીબાઇ અને રોગો પ્રવર્તે છે. તે પણ જોવા મળતું હતું. આ વિસ્તારમાં શિક્ષણ અને આરોગ્ય સેવાઓના ક્ષેત્રે હજી ઘણું કરવાનું રહે છે, તે હકીકત જોનારાઓને તુરત જ સમજાઇ જાય. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો આ પ્રયત્ન તો ધનિકોને તેમના ધનનો કેવો સરસ ઉપયોગ થઇ શકે તેનો નિર્દેશ માત્ર છે.

પોણા બસો જેટલા વોલીન્ટરોએ આમાં સતત છ કલાક ઊભા રહી સેવા આપી, તો પાલનપુર, ભાવનગર, રાજકોટ, હિમ્મતનગર, સુરત વગેરેના ઉચ્ચ ડીગ્રીધારી ૨૪ દાક્તરોએ ખૂબ પ્રેમપૂર્વક સેવા આપી. એથી તો ૨૪૦૦ જેટલા દર્દીઓને તપાસીને દવાઓ આપવાનું શક્ય બન્યું. શ્રી રમેશભાઇ પરીખની રાહબારી નીચે બધા જ દર્દીઓને મફત દવા વિતરણનું કામ પણ સારી



રીતે પાર પડયું. અત્યાર સુધીના નિદાનયજ્ઞોમાં આ યજ્ઞ ખરે જ સીમાચિહ્નરૂપ બની રહ્યો.

આંખો તપાસી, બેંતાલાવાળા તેમ જ નંબરવાળા દર્દીઓને મફત ચશ્મા આપવામાં આવ્યાં. પૈસાના અભઆવે અંધાપો વેઠતા આ ગરીબોને આથી જે રાહત થઇ, તે તો પ્રત્યક્ષ જોઇએ ત્યારે ખબર પડે. ૪૦૦ ઉપર ભાઇબહેનોને આનો લાભ મળ્યો.

અહીં દાંત, આંખ, કાન, નાક, ક્ષય, નાના બાળકોની પોષણના અભાવની બિમારી, ચામડીનાં દર્દો અને વિશેષ કરી બહેનોના રોગોનું પ્રમાણ વધુ જણાયું. ડો. હર્ષદ પટેલ પોતાની સાથે સોનોગ્રાફીનું મશીન લાવ્યા હોવાથી, ઘણા દર્દીઓની પેટની અને પથરીની બિમારીઓનું નિદાન સારી રીતે થઇ શક્યું. સોનોગ્રાફીની આ સવલત બહેનોના રોગોના નિદાનમાં વિશેષરૂપે ઉપયોગી થઇ.

**દવા સાથે પ્રસાદ પણ ખરો.**

અહીં સૌથી મોટી વાત તો એ હતી કે આવનાર ગમે તેવો મેલોઘેલો કે રોગીષ્ટ હોય, છતાં તેના પ્રત્યે પ્રેમ અને સલુકાઇનું જ વર્તન કરવાનું. કદી કોઇ સૂગ નહિ રાખવાની. જીવની શિવભાવે આ સેવા છે એમ માની તેનું આચરણ કરવાની સૂચના, શ્રી રાજુભાઇ જાનીએ કેમ્પના પ્રારંભમાં જ આપી હતી. દવા લઇને બહાર નીકળતા દર્દીઓને બુંદી, ગાંઠિયા તથા તલના પ્રસાદની વ્યવસ્થા પણ પૂ. માએ ખાસ કરાવી હતી. દરેક દર્દીને સંસ્થાના માણસોનો આવો વ્યવહાર ખૂબ સ્પર્શી જતો. તેઓને એમ થતું કે આજની કેવળ સ્વાર્થ પરાયણ દુનિયામાં અમારાં દુઃખોની નિઃસ્વાર્થભાવે સેવા કરનાર તો કોઇક છે. આ વાતો જ તેમને ઈશ્વરાભિમુખ થવા પ્રેરે એ જ પૂ. માની ભાવના છે. તે માટે તો આ પરિશ્રમ છે.

## પૂ. માની પાણીની સેવા

દર વખતની જેમ, આ વખતે પણ પૂ. માએ આ નિદાન-યજ્ઞમાં દર્દીઓ, દાક્તરો અને સેવામાં ગૂંથાયેલ સર્વને પોતાના હાથે પાણી આપીને, ઉત્તમ નમ્રસેવાનું ઉદાહરણ પૂરું પાડયું. સેવામાં વ્યસ્ત સર્વને સામેથી તેમના સ્થાનપર જઇ પૂ. માએ સરબત પણ પાયું. પૂ. માએ એ પણ કાળજી લીધી કે દરવાજા બહાર કતારમાં ઊભેલાં ભાઇબહેનો પણ પાણીથી વંચિત ના રહી જાય.

કેટલાક દર્દીઓ આ સેવાયજ્ઞનાં પ્રણેતા પૂ. મા છે, તે જાણી અભિભૂત થઇ, પૂ. માના ચરણોમાં વંદન કરવા આવતા. પૂ. માની સાદાઇ, સરળતા ને નમ્રતા નવા આગંતુકોને આશ્ચર્ય પમાડતી. સામાન્ય માનવ તો પ્રથમ દર્શને પૂ. માનો મહિમા શું સમજી શકે! છતાં પૂ. માનું અલગ તરી આવતું વ્યક્તિત્વ સહુના કુતૂહલનો વિષય બની રહેતું.

## સેવાયજ્ઞની પૂર્ણાહુતિ

સમય પૂરો થતાં, યોગશૈવલ્યમ્‌માં બધા જ દાક્તરોને પૂ. માએ ખાસ મોમેન્ટો, કર્મયોગનું પુસ્તક અને રોકડ પુરસ્કાર શ્રી શકુબેન, શ્રી જીતુભાઇ ગાંધી અને શ્રી ભગવાનજીભાઇના હસ્તે આપવામાં આવ્યા. પૂ. માએ દાક્તરોની સેવાની સરાહના કરી, ભવિષ્યમાં પણ આવો સહકાર આપવા વિનંતી કરી.

આ નિદાનયજ્ઞનું આયોજન અને સંચાલન શ્રી રાજુભાઇ જાની અને ડો. બી. જે. જાગાણીએ સાધકોની અને મિત્રોની મદદથી સફળ રીતે કર્યું હતું. પૂ. મા અને પૂ. ગુરુદેવની કૃપાથી આ થઇ શક્યું એમ કહી શકાય. સ્વર્ગારોહણના મેનેજર ડો. શ્રી ઘનશ્યામ દેસાઇ તેમજ શ્રી મોહનભાઇ પટેલનું યોગદાન પણ પ્રશસ્ય રહ્યું.



## પૂ. શ્રીના પુસ્તકોનું વેચાણ કેન્દ્ર
## પૂ. શ્રીની અંગ્રેજી આત્મકથાના વેચાણનો પ્રારંભ

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીનાં અને પૂ. મા શ્રી સર્વેશ્વરીનાં પુસ્તકોના વેચાણ માટે–સ્વર્ગારોહણમાં એક ખાસ નવા વેચાણ કેન્દ્રનો પ્રારંભ પ. પૂ. માના વરદ હસ્તે કરવામાં આવ્યો. પૂ. યોગેશ્વરજીની આત્મકથા પ્રકાશના પંથેનું અંગ્રેજીમાં ભાષાંતર Steps Towards Eternity આજે અહીં પ્રથમવાર વેચાણમાં મૂકવામાં આવ્યું. એના ઉપલક્ષ્યમાં પૂ. માના અમેરિકામાં વસતા ભક્ત શ્રી ભગવાનજીભાઇએ અંગ્રેજી માધ્યમમાં ભણતાં હાજર બાળકોને પોતા તરફથી આ પુસ્તક ભેટ આપ્યું. રૂા. ૨૦૦ ની કિમ્મતનું આ પુસ્તક ખરે જ એક સુંદર પ્રકાશન છે. રાહતની કિમ્મત રૂા. ૧૨૦ છે. ગુજરાતી ભાષા નહિ જાણતા બાળકો માટે પૂ. શ્રીના જીવનને જાણવાનું એ સરસ માધ્યમ બની રહેશે. શ્રી ભગવાનજીભાઇને તેમના આ સત્કાર્ય બદલ અભિનંદન.

આ નવા સ્ટોલના પુસ્તકોના વેચાણની બધી જવાબદારી વડોદરાના સાધક શ્રી વિનુભાઇ અમીનને સોંપાઇ છે.

આ નિદાનયજ્ઞમાં સ્વેચ્છાએ દવાઓની સહાય ભાવનગરના શ્રી હિમ્મતલાલ પરીખ ચેરિટેબલ ટ્રસ્ટ, પૂનાની ન્યુ લાઇફ ફાર્મા-શ્યુટીકલ કું. અને રાજકોટના શ્રી હિતેષ સૂર્યકાન્ત ભટ્ટ તરફથી મળી હતી.

વિદેશથી આવેલ ભાઇબહેનોએ પણ નિદાનયજ્ઞની સેવાઓમાં પોતાનો ફાળો આપી, આનંદ અનુભવ્યો.

# સર્વરોગ નિદાનયજ્ઞના પ્રતિભાવો

ડો. બી. જે. જાગાણી

પૂ. માએ વિદેશથી કેટલાક ભક્તોને નિદાનયજ્ઞ પ્રત્યક્ષ નિહાળવા સ્વર્ગારોહણ બોલાવેલા. તેમાંના કેટલાંક ભક્તોએ નિદાનયજ્ઞના પ્રતિભાવો આપ્યા.

શ્રી શિપ્રાબેનનો પ્રતિભાવ : તેઓ કેનેડામાં રહે છે. જન્મ અને ઉછેર કેનેડામાં જ થયો છે. ભારતમાં છ વર્ષ પછી આવવાનું થયું છે. નિદાનયજ્ઞમાં આવેલા દરદીઓની ગરીબાઇ જોઇને તેમનું હૃદય દ્રવી ગયું. પોતાના પ્રતિભાવમાં જણાવ્યું કે 'હું ભારત આવી છું. પણ આટલી ગરીબી અગાઉ કદી જોઇ નથી. આ ગરીબો માટે અમારે પણ કંઇક કરવું જોઇએ. ગંદા કપડાં પહેર્યાં હોય કે અસ્વચ્છ હોય તેનાથી અમે દશ ફૂટ દૂર રહેવાની મનોવૃત્તિ ધરાવતાં હતાં, પણ અહીં અમને આત્મીયતા જણાઇ અને દૂર રહેવાનો ભાવ જતો રહ્યો.'

શિપ્રાબેન જ્યારે ગરીબીનું વર્ણન કરતાં હતાં ત્યારે વેદનાનાં અશ્રુઓ તેમની આંખોમાંથી સરી પડયાં અને તેમના મુખ પર આ લોકોની ગરીબાઇને કારણે થયેલી વેદના જોઇ શકાતી હતી.

શ્રી નીશાબેનનો પ્રતિભાવ : નીશાબેન અમેરિકામાં અભ્યાસ કરે છે. ભારતમાં પ્રથમ વખત આવવાનું થયું છે. ગુજરાતી આવડતું નથી. નિદાનયજ્ઞ જોઇને પોતાનો પ્રતિભાવ આપતાં જણાવ્યું કે 'ભારતની ગરીબી જોઇને દુઃખ થયું છે. આવી ગરીબી દૂર કરવા અમે સહયોગ આપવા કટિબદ્ધ છીએ. અમે તો ખૂબ વૈભવી જીવન જીવીએ છીએ. ગરીબ લોકોની સાથે આત્મીયતા કેળવવાની આ ઉત્તમ તક મળી છે. પૂ. માની કૃપાથી અમને આ યજ્ઞમાં સહભાગી થવાની તક મળી.



શ્રી શકુબેન પટેલનો પ્રતિભાવ : શ્રી શકુબેન પટેલ પનામા રહે છે. તેઓએ પૂ. મા પાસે લક્ષ્મીના ઉપયોગની નવી દૃષ્ટિ મેળવી. પોતાની દીકરીના લગ્નપ્રસંગે નવચંડી યજ્ઞને બદલે પૂ. માએ કહ્યું કે 'ગરીબોની સેવાના યજ્ઞો કરો, રોગ નિદાનયજ્ઞ કરો.' તેઓએ આ દૃષ્ટિબિંદુ સ્વીકાર્યું. પોતાના પ્રતિભાવમાં જણાવ્યું કે 'પૂ. માએ અમને નાણાના સદુપયોગની નવી દૃષ્ટિ આપી. પૂ. માની કૃપાથી ભારત આવવાનું થયું છે. નિદાનયજ્ઞમાં સેવા કરવાની તક મળી છે. પૂ. મા અમને આવી રીતે સેવા કરતાં રહેવાની તક આપે એ જ પ્રાર્થના.'

શ્રી ભોજાણીભાઇએ પ્રતિભાવ આપતાં જણાવ્યું કે 'આ નિદાનયજ્ઞમાં ઘણાં ગરીબ દર્દીઓને લાભ થયો, પૂ. માએ પોતાનું રૂપ સૌમાં ઓગાળીને દરદીઓ સહિત સહુને પાણી પીવડાવ્યું. ઉપવાસી શરીર છતાં કેવી લીલા કરે છે ને કેટલાયની લક્ષ્મીનો સદુપયોગ કરાવીને દુઃખ દર્દ ઓછા કરે છે'

વિદેશથી શ્રી આશાબેન ભક્ત પણ આવેલાં. તેઓએ નિદાનયજ્ઞનો પ્રતિભાવ આપતાં જણાવ્યું કે 'અમને પૂ. માનું દરિદ્રનારાયણની સેવા કરવાનું રૂપ જોવા મળ્યું. પૂ. માના મનમાં આ નિદાનયજ્ઞથી હરખ સમાતો નહોતો તે અમે જોઇ શક્યાં. આવા નિદાનયજ્ઞમાં અમને સહભાગી કરતાં રહે તેવી પ્રાર્થના છે.'

શ્રી કલ્યાણે પણ પ્રતિભાવ આપીને જણાવ્યું કે 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ સેવાની ક્ષિતિજો વિસ્તારતું જાય છે. પૂ. માની

નિશ્રામાં થતું કોઇ પણ આયોજન દિવ્ય બની જાય છે. આ નિદાનયજ્ઞમાં નાના મોટા સહુ કોઇએ યથાયોગ્ય સેવા આપી અને સૌના ચહેરાપર આનંદ, પ્રસન્નતા અને ઉત્સાહ હતો.'

પૂ. શ્રી માએ પણ સૌને આશીર્વાદ આપ્યા. 'સૌના મનમાં આનંદ હતો, સૌ સેવા માટે દોડતા હતા, થાક, કંટાળો જોયા નહીં. શ્રી રાજુભાઇ જાની આ નિદાનયજ્ઞના આયોજનના મૂળમાં છે. એક માણસની આયોજન શક્તિ શું કરી શકે તે જોવા મળ્યું. તેમનું મિત્રવર્તુળ પણ વિશાળ છે. ડોક્ટરોએ પણ ઉત્સાહભેર સેવા આપી. સૌને ધન્યવાદ.' શિપ્રાનું હૃદય પ્રતિભાવ આપતા દ્રવી ગયું છે. અમેરિકા અને કેનેડામાં બાળકો કોક પીએ છે અને પીઝ્રા ખાય છે. તેનાથી શરીરને નુકસાન થાય છે, કોક અને પીઝ્રામાં ખર્ચ કરવાને બદલે એક ડોલર દરરોજ બચાવીએ તો આવા દરિદ્રનારાયણની ઉત્તમ સેવામાં ઉપયોગી થવાય.

ડો. મેનાબેન જાવીયાએ પ્રતિભાવ આપતાં જણાવ્યું કે 'રામ-કૃષ્ણદેવે પોતાના ભક્તોને શિવભાવે જીવની સેવા કરવાની દૃષ્ટિ આપેલી. જીવોપર દયા નહીં પણ સેવા. સેવાથી પ્રભુ પ્રસન્ન થાય છે. પૂ. માએ સૌને દરિદ્રનારાયણની સેવા કરવાની તક આપી અને સૌને તેમાં સહભાગી બનાવ્યાં તેથી ધન્ય થયાં છીએ.'

સ્નેહલ જેવા યુવકોએ તો વળી સ્થાનિક ભાષામાં પ્રચાર કેમ કરાય તેની આગવી રીત પણ શીખી લીધી. અને પૂ. માની ઇચ્છાથી સૌ સમક્ષ તે રીત દર્શાવી અને સંભળાવી. સ્થાનિક ભાષામાં આ રીતે સમજાવવાની કલા સ્વયંભૂ હતી. પૂ. મા પણ આ રીત સાંભળીને ખૂબ પ્રસન્ન થયાં.



# માંડૂક્ય ઉપનિષદ્ (૨)

યોગેશ્વરજી

## (૩) શાંતિપાઠની ભાવના

જ્ઞાનના રહસ્યોનો વિચાર બને તેટલી શાંતિથી કરવાની જરૂર છે. તો જ તેમનો સાર યથાર્થ રીતે સમજી શકાય. ઉપનિષદ્ના વિચાર પહેલાં શાંતિપાઠની ભાવના કરવામાં આવે છે ને ઉપ-નિષદ્ની પૂર્ણાહુતિ કે પરિસમાપ્તિ પણ તે ભાવનાથી જ કરવાની પરિપાટી છે. આ ઉપનિષદ્નો આરંભ પણ શાંતિપાઠથી જ થાય છે. તેમાં ઋષિ દીર્ઘજીવનની સાથે સાથે મંગલમય ને શક્તિશાળી જીવનની કામના કરે છે. જીવન ગમે તેટલું લાંબુ કે મોટું હોય પણ મંગલ ન હોય, નિર્મળ ન હોય, ને તેનાથી પોતાના તેમ જ બીજાના હિતસાધનની કોઇ જ શક્યતા ન હોય, ને તેથી ઊલટું, અશુદ્ધિ, આળસ, અજ્ઞાન ને અનાચારનો અવતાર બનીને પોતાને તેમ જ બીજાને ભારરૂપ ને નડતરરૂપ થતું હોય, તો તેવું જીવન ભાગ્યે જ કોઇને પસંદ પડે. ટૂંકું પણ સારું જીવન સદાય ઇચ્છવા જેવું છે. માણસ કેટલું જીવે છે તેના કરતાં કેવી રીતે જીવે છે તે વધારે મહત્ત્વનું છે. લાંબુ જીવન જો ઉત્તમ કે સારું જ હોય તો તો પછી પૂછવું જ શું ! તે બધી રીતે મંગલમય બની જાય છે ને શોભારૂપ થાય છે. ઋષિએ તેવા જ જીવનની કામના કરી છે. તે જીવનમાં કોઇની તરફ તિરસ્કાર કે વેરભાવ નથી, પરંતુ સૌની પ્રત્યે પ્રેમ ને પરમાત્મભાવ છે.

તન, મન ને ઇંદ્રિયોનો બનતો સંયમ સાધી, તેમને નિર્મળ

કરી, પરમાત્મદર્શન ને જીવનની ઉન્નતિના કામમાં તેમને સાધક બનાવવાનો નિરધાર છે. તેવું જીવન કલ્યાણકારક ને સંસારને શોભારૂપ થઇ પડે એમાં શંકા નથી. તેવા જીવનની સિદ્ધિ માટે ઋષિ શાંતિપાઠના બીજા મંત્રમાં પ્રાર્થના કરે છે, ને પરમાત્મા તથા દેવોના આશીર્વાદ માગે છે. ઇન્દ્રિયોના સ્વામી આત્માને ઇન્દ્રનું નામ આપી શકાય. તેની કીર્તિ ચરાચરમાં બધે વિસ્તરેલી છે. મનને પૂવાદેવ કહી શકાય. તે સૌને જાણી શકે છે. તે બંને—આત્મા ને મન—મંગલકારક થાય એવી ભાવના કરવામાં આવી છે. બધે સંચાર કરવાની શક્તિવાળા ચરણ ગરુડ જેવાં છે. તેમના પર જીવનની ઉન્નતિનો ઘણો આધાર રહે છે. તે સારા સ્થાનમાં જાય તો ઉન્નતિ થાય ને ખરાબ સ્થળે જાય તો પતન. તે પુરુષાર્થનાં પ્રતીક છે. તે ઉપરાંત, માણસની અંદર રહેલી પ્રજ્ઞા, બુદ્ધિ અથવા વિવેકશક્તિ તે બૃહસ્પતિ છે. જીવનનું સુકાન તે સંભાળે છે એમ કહી શકાય. તેની નિર્મળતા, સ્થિરતા, દૃઢતા ને મંગલમયતા પર જીવનની ઉજ્જ્વળતા ને સફળતાનો મોટો આધાર રહે છે. એટલે તે પણ મંગલમય બને ને જીવનની ધ્યેયપ્રાપ્તિમાં મદદરૂપ બની જીવનનું કલ્યાણ કરે એવી ઋષિએ કામના કરી છે. તે પાઠનું પારાયણ આપણે વરસોથી કરીએ છીએ ને આપણાં વિવિધ વિધિવિધાનોમાં પણ તે મંત્રને સાંભળીએ ને બોલીએ છીએ; પરંતુ સમયને અનુસાર તેનો સાર કાઢી જીવનની કાંતિ કે કાયાપલટ કરવામાં તેનો ઉપયોગ ભાગ્યે જ કરીએ છીએ. નથી જ કરતા એમ કહીએ તો કાંઇ જ ખોટું કે અતિશયોક્તિભર્યું નથી. આપણા ઘણાખરા મંત્રો, શ્લોકો ને પાઠની દશા આવી જ થઇ છે. જીવનને મદદરૂપ થાય તેવો મોટો મસાલો તેમાં પુષ્કળ પ્રમાણમાં ભરેલો છે. પરંતુ આપણે તેમનો ઊંડો વિચાર કરીને આગળ



વધતા નથી. એટલે વરસો વીતી જાય તોપણ શ્લોકો, મંત્રો ને પાઠો એવા ને એવા જ સ્વસ્તિવાચન, અનુષ્ઠાન કે પારાયણ પૂરતા રહે છે ને કંઠથી નીચે ઊતરી, શ્વાસોચ્છ્વાસમાં સમાઇ જઇ, ફેફસામાં ફરી વળીને રક્તમાં રણકી ઊઠતા નથી. એક બાજુ પૂજાપાઠ, અનુષ્ઠાન, વિધિવિધાન ને બીજી બાજુ આપણું વ્યાવહારિક જીવન એમ આપણો પ્રવાસ દ્વિવિધ બની જાય છે. બંને વચ્ચે મેળ જ નથી ખાતો. બે સમાંતર સીધી લીટીની જેમ તે બંને કદી મળતાં જ નથી. ધર્માચરણનું પ્રત્યક્ષ ફળ એ રીતે આપણા હાથમાંથી જતું રહે છે, ને ધર્માચરણમાં પ્રમાદ ન આવે માટે આપણને પરલોક ને મરણ પછીના સુખોપભોગની કલ્પનાનું શરણ લેવું પડે છે. પરલોક ખોટો નથી, પરંતુ આ લોક પણ એક મહત્ત્વનો લોક છે; તેમાં આપણે શ્વાસ લઇએ છીએ; એટલે તેને સુધારવા તરફ આપણે ખાસ ધ્યાન આપવું જોઇએ. એ સદા યાદ રાખવાનું છે. તેથી મોટો લાભ થાય તેમ છે.

પરલોકની લાલસા ને સુખપ્રાપ્તિની પ્રતીક્ષામાં આ લોક તરફ બેદરકાર બનવાની ને આંખમીંચામણાં કરવાની વૃત્તિ કેટલાક લોકોમાં જોર પકડતી જાય છે. તો કેટલાક લોકો એવા છે જે વર્તમાનને જ સર્વ કાંઇ માની, આ લોકની સુખસામગ્રીમાં લીન બની, પરલોક પ્રત્યે બેદરકાર બને છે ને તેની હાંસી ઊડાવે છે. ઉત્તર ને દક્ષિણ ધ્રુવ જેવી એ બંને જાતની વૃત્તિઓ તંદુરસ્ત મગજની નિશાની નથી ને માણસને મોટે ભાગે નુકશાન કરે છે એ નિર્વિવાદ છે. આ લોક ને પરલોક બંને બરાબર છે ને બંનેને પોતપોતાનું મહત્ત્વનું સ્થાન છે. આ લોકની આસક્તિ ને પરલોકની બીક બંને બરાબર નથી. પરલોકની બીક ને તૃષ્ણાથી જે થાય છે તે, ધર્માચરણ વિવેકી કે આદર્શ ન કહી શકાય. તેવું

ધર્માચરણ માણસનું વાસ્તવિક કલ્યાણ નહિ કરી શકે. ધર્માચરણ એક કર્તવ્ય તરીકે ને જીવનની ઉન્નતિ ને સમૃદ્ધિ માટે થવું જોઇએ. પરલોકની ઉચ્ચ ગતિનો તેમાં વિચાર ભલે હોય પરંતુ આ લોકની અવગણના તો ન જ હોય. આ લોકને વધારે ને વધારે સુખી ને સમૃદ્ધ કરવાની સાથે સાથે જીવન અનંત છે, ને આ જીવનના કર્મની અસર બીજા જીવનમાં પણ પડવાની છે, એ યાદ રાખવાની જરૂર છે.

ઉપનિષદ્‌ના ઋષિ શાંતિપાઠમાં વર્તમાન જીવનને મંગલમય કરવાની કામના કરે છે ને તે માટે પરમાત્માની મદદ માગે છે.

स्वस्ति न इन्द्रो वृद्धश्रवाः स्वस्ति नः पूषा विश्ववेदाः ।
स्वस्ति नस्ताक्ष्यों अरिष्टनेमिः स्वस्तिनो बृहस्पतिर्दधातु ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

એનો ભાવાર્થ જરા વધારે સારી રીતે કરીને કહી શકીએ કે મહાન યશવાળા ઇન્દ્રરૂપે, સૌને જાણનારા પૂષારૂપે, ન અટકાવી શકાય તેવી ગતિવાળા તાર્ક્ષ્ય એટલે ગરુડરૂપે ને બૃહસ્પતિરૂપે જેનું વર્ણન કરવામાં આવ્યું છે તે પરમકૃપાળુ પરમાત્મા અમારું સૌનું કલ્યાણ કરો ને અમને સર્વ પ્રકારે શાંતિ આપો.

○



### અકળ અનુભૂતિની

# એક અનોખી સત્ય ઘટના

પ્રા. સી. કે. શાહ

નજીકમાં ગોવાલીઆ ટેન્કનું વિશાળ મેદાન, જ્યાં સ્વાતંત્ર્ય સંગ્રામના બીજ રોપાયાં. આજે આઝાદીને મળ્યે પચાસ વર્ષનાં વહાણાં વાઇ ગયાં. કાંઇ જ દિશાસૂઝ મળતી નથી. જનતા પોતાના સ્વાર્થમાં ફંગોળાઇ રહી છે. પૂ. મા–પ્રભુપાસે રાહ ચીંધવાના ઉકેલ માટે પ્રાર્થના. હવે તો તે એક જ ઉપાય રહેલો છે.

બીજી બાજુ બાદશાહી હ્યુજીસ રોડ છે. તેનો એક છેડો કેમ્પ્સ કોર્નર અને બીજા છેડે વળાંક લેતા ચોપાટીનો દરિયાકિનારો અને વિલ્સન કોલેજ તે મેદાનના ખૂણામાં ન્યુ ઇરાસ્કૂલનું ભવ્ય મકાન. તે વખતે તેના પ્રિન્સીપાલ શ્રી એમ. ટી. વ્યાસ અને તેઓના અંગત મંત્રી શ્રી કે. એમ. ધોળકીઆ. તેને અડીને જ વિશાળ જગ્યામાં પથરાએલ જી. ટી. બોર્ડીંગ (શ્રી ગોકલદાસ તેજપાલ ભવન). મને શ્રી કે. એમ. ધોળકીઆની ભલામણથી તે બોર્ડીંગના ઇ. સ. ૧૯૪૮ માં પ્રવેશ મળ્યો. વિધિએ શું લખ્યું હશે તે વાંચી શકાતું નથી.

તે છાત્રાલય(બોર્ડીંગ)નો વિશાળ અધ્યયન ખંડ. તેમાં ચાર ચાર ના જૂથમાં એક ઢાળીઆ જેવાં ઊંચા ટેબલો ગોઠવાએલાં અને દરેક ટેબલ પાસે એક એક લાકડાની ખુરસી. લગભગ ૮૦ વિદ્યાર્થીઓ શાંતિથી બેસી વાંચી શકે. સામે જ વિશાળ ઉદ્યાન અને વૃક્ષોની ઘટા. વાતાવરણ જ એવું કે કોઇને તોફાન કરવાનું મન જ ન થાય.

સર્વે વિદ્યાર્થીઓને સત્રના ઊઘડતાં પહેલાં અઠવાડીઆમાં દાખલ થવાનું. શ્રી ચંપકભાઇ જેવા પ્રેમાળ અને હેતનો ઢગલો ગૃહપતિ. પછી તરત જ નિવૃત્તિ સ્વીકારી.

સર્વે વિદ્યાર્થીઓ તેઓને મળી પોતાને મળેલા–ફાળવેલા ટેબલ-નો નંબર લઇ વિશાળ અધ્યયનખંડમાં આમથી તેમ અને તેમથી ત્યાં સામાન લઇને દોડે. મને એક ટેબલ નંબર ૪૨ મું મળ્યું.

હું ત્યાં જઇને, સામાન ઉતારી ખુરશી ઉપર બેઠો. તો શું થયું તે સમજ જ પડી નહિ. ત્યાં અચાનક જ શાંતિની અનુભૂતિ થઇ. હું આ અગોચર વિશ્વમાં કાંઇ જ સમજી શક્યો નહિ. શું થયું છે, શું થઇ રહેલ છે અને હવે શું થવાનું છે, તે અણસારમાં આવે જ નહિ. કોઇ બીજી જ દુનિયામાં વિહરતો હતો. આ શૂન્યતા કે ખાલીપણું અવકાશ રહિતતા જ પ્રભુ તરફ દોરી જાય. આ ઘટના વાદવિવાદ કે તર્કથી પર છે. શ્રદ્ધા તો અણસમજ અવસ્થામાં હોય જ ક્યાંથી?

ત્યાં મને ગૃહપતિએ તંદ્રામાંથી જગાડયો. અગાઉ એક વિદ્યાર્થીએ એક વર્ષ રહીને તેઓની વાણી, વર્તન, વિચારમાં અનન્યતા કેળવી સાધુતાનાં દર્શન કરાવેલાં. તો શું આ મારા ભાગ્યમાં મળેલું ટેબલ કોનું હશે? આમને આમ દિવસોના વહાણાં વહી ગયાં.

સુંદર, સ્વચ્છ અને સાત્ત્વિક આહાર આપતું–પીરસતું રસોડું, ત્રણ વખત બેલ પડે, એટલે અમે થાળી, વાટકા, નેપકીન લઇને દોડીએ પણ મહારાજ બહુ જ વિચિત્ર. જાણે કે પોતાના ઘરનું જ જમાડતા ન હોય! નજીવી બાબતમાં વિદ્યાર્થીઓને તતડાવે. રોટલી ફેંકીને આપે. વગેરે.



સમયના વહેણ અકળ ગતિએ વહેતાં થયાં. ત્યાં ફણગો એવો ફૂટયો કે ચાલો, જૂના દફતરો કે માહિતી પત્રકોમાં નજર નાંખીએ. સમૃદ્ધ ગ્રંથાલયમાં ધૂળ ખાતાં પડયાં હતાં.

તે ૧૯૩૯–૪૦ વર્ષના ચોપડામાં પાના નંબર ૨૧ ઉપર નોંધ વાંચી કે શ્રી ભાઇલાલભાઇ મણિલાલ ભટ્ટ(પ. પૂ. યોગેશ્વર)નું ટેબલ નંબર ૪૨ હતું. શું વિધિની વિચિત્રતા. હવે શું કરવું?

આજે તો મારા આનંદની સીમા ન રહી.

(જૂની નોંધપોથીમાંથી)

---


ઈશ્વર વિના તમને ચાલતું હોય અને શાન્તિ મળતી હોય તોપણ, જીવનના વિકાસ માટે તમારે ઈશ્વર સાથે પ્રેમ અને સંબંધ કરવો જ રહ્યો.

ઈશ્વરની શક્તિની મદદ ને કૃપા, જીવનની અનિવાર્ય આવશ્યકતા છે.

યોગેશ્વરજી

ફોન : ૩૨૧૦૭૦૭, ૩૨૨૧૮૧૦
મોબાઇલ : ૯૮૨૫૧૩૭૩૫૫

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ.**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત–૩૯૫ ૦૦૧.

# भोजन समय की प्रार्थना

मा सर्वेश्वरी

अनुवाद : प्रा. शशिकान्त कोन्ट्राक्टर

यह अन्न ब्रह्मारूप है, विष्णु पधारे रसरूपी।
आरोगकर्ता शिव है, यह भावना दिलमें रहे।
प्रार्थना करता हूँ मैं, हे अन्नदेव ! यही अभी।
जीवनशुद्धि हेतु आप सहायता करना हरि !
ज्ञान-भक्ति बढाने को, वैराग्यभाव जगानेको।
अन्नदोष सब दूर हों, इस प्रसादी के अभी।
कण कण परिणत हो, प्रसादमें सिर्फ यही अरमान है।
श्री सद्गुरु को शिश झुकाये, भाव से भोजन करूँ।


શ્રી યોગેશ્વર કૃપા

## સંદીપ વેલ્ડીંગ વર્ક્સ

ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમ જ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭
ફોન : ૩૨૨૮૨૩૧



॥ ૐ ॥

## મા સર્વેશ્વરી જ્યોતિષ કાર્યાલય

આપના જન્માક્ષર દ્વારા તમારા જીવનની ભૂતકાળ-વર્તમાનકાળ અને ભવિષ્યની મુંઝવતી કોઈપણ સમસ્યાના નિવારણ માટે સ્પષ્ટ-સચોટ અને પ્રમાણભૂત માર્ગદર્શન આપવામાં આવે છે.

દેશ તથા ખાસ કરીને પરદેશના જન્માક્ષર તદ્દન આધુનિક સંશોધિત શોધખોળ મુજબ વલ્ડબેસ્ટ કોમ્પ્યુટરાઈઝ તેમજ સ્વહસ્ત નિર્મિત જન્મપત્રિકા જન્મસ્થળના અંક્ષાસ-રેખાંશ અને સૂર્યોદય પરથી શુધ્ધ-સુક્ષ્મ-સચોટ ખગોલ સિધ્ધ જન્માક્ષર, વર્ષપત્રિકા તથા સંપૂર્ણ લાઈફ રીડીંગ વાળી જન્મપત્રિકા બનાવી આપવામાં આવે છે.

જન્મ કુંડલીમાં થતાં અશુભયોગો, તાંત્રિક-પિતૃદોષો, આધિ-વ્યાધિ-ઉપાધિ તેમજ સર્વ અનિષ્ટોના નિવારણ માટે,કાર્યસિધ્ધી-મનોરથ પૂર્તિ જેવા અનુષ્ઠાનો, વાસ્તુ-નવચંડી-મૂર્તિઓની પ્રાણપતિષ્ઠા જેવા યજ્ઞો, માંગલિક તથા મરણોત્તર ક્રિયાઓ શ્રધ્ધાને શાંતિપૂર્વક સાત્વિક-નિર્વ્યસની બ્રાહ્મણો દ્વારા સ્વયં કરીઆપવામાં આવે છે.

**બહારગામથી પત્રદ્વારા માર્ગદર્શન મેળવવા માટે**

★ તમારુ સંપૂર્ણ નામ, સરનામું, જન્મ તારીખ-સમય-સ્થળ તેમજ રૂા. ૨૫૧/- નો MO કે DD મોકલાવવો.

★ અમને રૂબરૂ મળતાં પહેલાં એપોઈન્ટમેન્ટ લેવી ખૂબ જરૂરી છે.

## શ્રી વિજયભાઈ પંડિતજી

જ્યોતિષાચાર્ય (ડબલ ગોલ્ડ મેડાલીસ્ટ)
પ્રોફેસર (જ્યોતિષ વિભાગ) એમ.એસ.યુનિ.

**મા સર્વેશ્વરી જ્યોતિષ કાર્યાલય.**

ચોખંડી, ભીડભંજન હનુમાનજીના મંદિર પાસે, વડોદરા-૧૭.
ફોન નં. ૯૧-(૦૨૬૫) ૪૩૬૨૧૬, ફેક્સ નં. ૪૩૫૩૭૧
EMAIL : pandat@indya.com
સમય : દરરોજ સાંજે ૪થી૮ રવિવારે રજા.

**વિનાશમાંથી વિકાસને વરેલું, ખુવારીમાંથી ખુમારી પ્રગટાવતું,**

**આફતને નવસર્જનમાં પલટાવતું**

# * આપાણું ગુજરાત *

૨૬ મી જાન્યુઆરી, ૨૦૦૧ ના પ્રજાસત્તાક દિનનો ઉત્સાહ અને ઉમંગ, આંસુ અને આહમાં પલટાયાં. ગુજરાતે છેલ્લાં ૧૦૦ વર્ષમાં ન અનુભવી હોય તેવી દેશની સૌથી વિનાશક કુદરતી આપત્તિનો અનુભવ કર્યો. ૨૧ જિલ્લાઓ અને ૭૬૩૩ ગામો અસરગ્રસ્ત બન્યાં અને ૧૨.૦૫ લાખ મકાનોને નુકશાન થયું. ૧૩,૮૦૫ મૃત્યુ થયાં, જે પૈકી કચ્છ જિલ્લામાં સૌથી વધુ ૧૨,૨૨૧ મૃત્યુ અને અન્ય વિસ્તારોમાં ૧,૫૮૪ મૃત્યુ નોંધાયા હતાં. આટલી મોટી સંખ્યામાં મૃત્યુ ઉપરાંત કુલ ૧,૬૭,૦૦૦ લોકોને ઈજા થઈ.

આ આંકડાઓ પરથી ભૂકંપની વિનાશકતાનો અંદાજ તો લઈ શકાય, પરંતુ જમીનદોસ્ત મકાનોની નીચે કચડાયેલી જિંદગીઓની વેદનાને કઈ રીતે માપી શકાય?!

## સૌને રોજગાર, પ્રગતિનો નક્કર નિર્ધાર

સરકારે ઉદ્યોગ અને સેવા, ખેતી, કુટિર ઉદ્યોગ, અગરિયા, હસ્તકલા એમ વિવિધ વર્ગો માટે સહાયનાં જુદાં જુદાં પેકેજ જાહેર કર્યાં. લગભગ ૫૮,૦૦૦ ખેડૂતોને બીયારણ, ખાતર, જંતુનાશક દવાઓ વગેરેની કીટ્સ અપાઈ અને ૪૨,૦૦૦ થી વધુ સંખ્યામાં સિંચાઈ અને કૃષિ માળખાં આપવામાં આવ્યાં.

## પુનર્વસનનો પડકાર

૧૨ લાખથી વધુ ઘરોના પુનર્વસનનો પડકાર. ૮ લાખ ઘરો ફરી વસ્યાં (જાણે ૨૦ ગાંધીનગર!) રાહત દરે મટીરીયલ બેન્કોદ્વારા ૧ કરોડથી વધુ સિમેન્ટની થેલીઓની વહેંચણી. સિમેન્ટપર રૂા. ૫૦ કરોડની સબસિડિ. અઢી લાખથી વધુ પરિવારોને વચગાળાના આવાસ માટે સહાય.

## સમાજ કલ્યાણ

લગભગ ૪૦૦ અનાથ બાળકો માટે બાળક દીઠ રૂા. ૨ લાખની ફીક્સ્ડ ડીપોઝીટ મૂકવામાં આવી અને માસિક રૂા. ૫૦૦/–ની રોકડ સહાય એનાં પાલક માતા–પિતા માટે. અનાથો, વિધવાઓ અને વૃદ્ધો માટે રૂા. ૧૫–૦૦ કરોડનું વિશિષ્ટ ભંડોળ ઊભું કરાયું.

## ઘણું થયું છે, ઘણું કરવાનું બાકી છે. પ્યાલો અર્ધો ખાલી છે કે અર્ધો ભરેલો છે બધો આપની દૃષ્ટિપર આધાર

૯ લાખથી વધુ પરિવારોને રોકડ સહાય. ૩ લાખથી પણ વધુ પરિવારોને હંગામી આવાસો. માત્ર ૪ દિવસમાં વીજ પૂરવઠો અને ૩૬ કલાકમાં પાણીપૂરવઠો પુનઃ ચાલુ કરાયો. ટેલિકોમ્યુનિકેશનની સુવિધા, રેલ્વે અને માર્ગ વાહનવ્યવહાર પણ તાત્કાલિક શરૂ કરાયા.

## ઉચ્ચ જીવનનો મજબૂત પાયો, શાળાઓમાં ગૂંજ્યો પુનઃ કલરવ

શૈક્ષણિક સત્ર ૧૧ મી જૂને સમયસર શરૂ કરાયું. યુનિસેફના ૭,૮૩૦ તંબુઓ ઉપરાંત ૨,૦૫૧ હંગામી માળખા ઊભાં કરવામાં આવ્યાં. કુલ બેંતાલીસ હજારથી વધુ પ્રાથમિક શાળાઓના વર્ગખંડની મરામતની કામગીરી પૂર્ણતાને આરે અને લગભગ પંદરસોની કામગીરી પૂર્ણ, સાડા પાંચ હજાર બાંધકામ હેઠળ.

## આરોગ્ય : જીવનમાં નવો પ્રાણ

રૂા. ૧૦૦ કરોડના ખર્ચે ભુજ હોસ્પિટલના ચણતરનું કામ હાલ પ્રગતિમાં. સમગ્ર ભારતીય ઉપખંડમાં બેઢ આઈસોલેશન ટેક્નોલોજી પર બંધાનાર આ સૌપ્રથમ હોસ્પિટલ હશે. રૂા. ૮ કરોડની દવાઓ અને સાધનો પૂરાં પાડવામાં આવ્યાં.

## ભવિષ્યની સજ્જતા માટેનો મક્કમ પુરુષાર્થ

પાંચ પ્રાદેશિક ઈમરજન્સીરિસ્પોન્સ ટીમ. આપત્તિ સામેની સજ્જતામાં લોકોની સામેલગીરી. કટોકટી પ્રતિભાવ, વહેલાસર ચેતવણી આપતી વ્યવસ્થા, ઈન્ફર્મેશન ટેક્નોલોજી, જોખમની તબદીલી અને વીમો, નિર્બળતા અને જોખમનું વિશ્લેષણ વગેરે માટે ફીઝીબીલિટી સ્ટડીઝ. જીઓગ્રાફીકલ ઈન્ફર્મેશન સિસ્ટમના ઉપયોગદ્વારા જોખમ અને નિર્બળતા રૂપ વિસ્તારોનો નકશો.

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન પ્રાધિકરણ

* હ્રદયરોગો (હાર્ટએટેક, હાઈબ્લડપ્રેશર, બાયપાસ સર્જરી પહેલાં/પછી),ડાયાબિટીશ,દમ-અસ્થમા,જુની શરદી,કમરનો દુખાવો, વા, આધાશીશી(માયગ્રેન), વજન વધારે હોવું, ડીપ્રેશન, એસીડીટી, કબજીયાત, અલ્સર જેવા રોગોમાંથી મુક્તિ મેળવવા માટે યોગની તાલીમ જરૂરી છે, એવું આધુનિક વિજ્ઞાને પણ સ્વીકાર્યુ છે. એ માટે....
  * અઠવાડિયામાં ત્રણ દિવસનાં યોગ વર્ગ
  * દર શનિ/રવિવારે ફક્ત એક જ દિવસનો મેડીકલ કેમ્પ
  * Personal, Couple, Family, Teenage Counselling
* STRESS MANAGEMENT નું આયોજન અને સંચાલન.
* ધો.૧૦,૧૧,૧૨નાં વિદ્યાર્થીઓને સ્પેશ્યલ ટ્રેઈનીંગ
* ૬ થી ૧૫ વર્ષનાં બાળકો માટે દર રવિવારે યોગના ક્લાસ.
* યોગ અંગે વાર્તાલાપ - પ્રવચન - વ્યાખ્યાનમાળાનું આયોજન.
* Pregnancy (ગર્ભાવસ્થા)માં યોગની તાલીમ.
* Advanced Course (અઠવાડિયામાં ત્રણ દિવસ)

**આપની સોસાયટી, એપાર્ટમેન્ટ, ગામ, શહેર, દેશ-પરદેશમાં ઉપરોક્ત કોઈપણ પ્રોગ્રામનાં આયોજન માટે સંપર્ક કરો**

યોગઃ ચિત્ત વૃત્તિ નિરોધઃ

**યૌગકૈવલ્યમ**

સ્થાપના : ૧૯૯૩

યોગ એન્ડ ટોટલ હેલ્થ રીસર્ચ સેન્ટર

**• ડૉ. હિમાંશુ પાઠક • શ્રીમતી હેમીના પાઠક • શ્રીમતી મીરા દેસાઈ**

સરદારપુલ પાસે, વિશાલનગરની બાજુમાં, ક્રાઉન રેસ્ટોરન્ટની ગલી,
પાણીની ટાંકી પાછળ, ભુલકા ભવન સ્કુલ નજીક, અડાજણ રોડ, સુરત.
ફોન : ૨૯૭૩૫૧૩૮ ૨૯૭૩૫૧૧૮(રહે.)૨૭૭૯૨૮૩ (મોબાઈલ)૯૮૨૪૦ ૪૩૦૩૩
E-mail: modernyogee@hotmail.com
Visit us at: www.yogkaivalyam.com




# સ્વર્ગારોહણની એક સત્યઘટના

**ઘટનાના સાક્ષી**

આ ઘટનાનું સ્થળ છે અંબાજીનું સ્વર્ગારોહણ.

તા. ૨૪ જાન્યુ. ૨૦૦૨ ને ગુરુવારની રાતનો સમય છે રાત્રે લગભગ ૧૦ થવા આવ્યા છે. પૂ. શ્રીના પ્રાર્થના ખંડમાં સત્સંગની બેઠક ચાલી રહી છે. ચાલીસેક જેટલા સાધક ભાઈબહેનો પણ ઉપ- સ્થિતિને માણી રહ્યા છે.

શિયાળાની એવી કાતિલ ઠંડી છે કે સાંજ થતાંની સાથે જ રસ્તાઓ સૂમસામ બની જાય છે. રસ્તાઓ ઉપર નજર નાંખો તો દૂર દૂર સુધી ભાગ્યે જ કોઈ માણસ, અરે! રખડતાં કૂતરાં, ગધેડાં કે ગાયો પણ ઠંડીથી બચવાને હૂંફ મેળવવા લપાઈને ક્યાંક આસરો શોધી બેસી ગયાં છે.

ત્યાં પ્રાર્થના ખંડમાં એક ભાઈ આવી ખબર આપે છે કે સ્વર્ગારોહણમાં આવતા કોઈ સાધકને લૂટી લીધો ને થોડો માર પણ માર્યો છે. આ સાંભળતાં જ પૂ. મા ચિંતિત બની જાય છે. બધા જ સાધકો પણ વિસ્મય પામી જાય છે. સત્સંગમાંથી ત્રણેક ભાઈઓ ઊભા થઈને શું બન્યું છે તેનો તાગ મેળવવા ઝડપથી પહોંચી જાય છે.

પરિણામે સૂચનાઓ અપાય છે કે રાતે ૭–૮ પછી આશ્રમની બહાર ન જવું. આશ્રમમાં રાતે ચોકી કરવી જરૂરી છે, કારણ કે આ વિસ્તારમાં ઘણી ગરીબી છે ને દુષ્કાળ જેવું વર્ષ છે. એટલે સાવધ રહેવું સારું છે.

ત્યાં તો અમદાવાદના સાધક શ્રી કસ્તૂરભાઈ પટેલ–સત્સંગ

સ્થળે આવી પૂ. માને પ્રણામ કરે છે. કહે છે કે 'સવિતા ગોવિંદ'—નજીકથી હું થોડા અંધારામાંથી પસાર થઇ રહ્યો હતો, ત્યાં બે માણસોએ મારા હાથમાંની બેગ ઝૂંટવી લેવા પ્રયત્ન કર્યો. મેં સામનો કર્યો તેથી તેઓમાંના એકે તેની પાસેની લાકડી મને વાંસામાં, પગે અને માથામાં જોરથી મારી. હું નીચે પડી ગયો. પરંતુ હજી મેં બેગ પકડેલી રાખેલી હતી. તેઓએ તે ખેંચી, તો બેગનું હેન્ડલ મારા હાથમાં રહી ગયું ને તેઓ અંધારામાં બેગ લઇ નાસી ગયા.

માથામાં ને પગમાં વાગવાથી મને થોડીવાર તમ્મર આવી ગયાં, પાંચેક મિનિટે કળ વળી. મેં ઊઠી સવિતા ગોવિંદમાંથી અહીં ફોન કર્યો એટલે ત્રણેક ભાઇઓ મારી પાસે આવી પહોંચ્યા. તેઓમાં શ્રી અજીતસિંહ સિંધવ પાસે મોબાઇલ ફોન હતો. તે આવા સમયે ઉપયોગી સાબિત થયો.

શ્રી કસ્તૂરભાઇને માથામાં થોડું લોહી નીકળ્યું હતું. પૂ. માએ તુરત જ ડોક્ટરને બતાવી, જરૂર હોય તો પાટો બંધાવવા કહ્યું.

કોટેજ હોસ્પીટલમાં શ્રી કસ્તૂરભાઇના માથાનો ઘા સાફ કરતાં ફરજ ઉપરની નર્સે કહ્યું કે આવા કેસોમાં જે ઇજાઓ અમે જોઇએ છીએ, તેના પ્રમાણમાં તમને થયેલી ઇજા સાવ સાધારણ છે. ભગવાનની કૃપાથી જ તમે ગંભીર ઇજામાંથી ઉગરી ગયા લાગો છો.

આ સાંભળી શ્રી કસ્તૂરભાઇને થયું કે ખરે જ પૂ. મા અને પૂ. ગુરુદેવે જ મને આજે બચાવી લીધો છે.

પોલીસ સ્ટેશને તો આ બેગ આ વિસ્તારમાં ચોરાઇ છે, તેની જાણ ફોન ઉપર તુરત જ કરવામાં આવેલી. તેના પરિણામે અંબાજીમાં રાઉન્ડમાં ફરતી ત્રણ મોબાઇલ જીપોને તેની જાણ વાયરલેસથી તુરત જ કરવામાં આવેલી, તેથી ત્રણે જીપોએ તે



વિસ્તાર કોર્ડન કરી લીધો, જેથી બેગ ચોરનારા દૂર ભાગી જઇ શકે નહિ.

હોસ્પીટલની સારવાર પછી પોલીસ સ્ટેશને રૂબરૂમાં ફરિયાદ લખાવવા શ્રી અજીતસિંહ સિંધવ અને શ્રી કસ્તૂરભાઇ, શ્રી રાજુ-ભાઇ જાની વગેરે ગયા તો ફરજ ઉપરના પોલીસ ઇન્સ્પેક્ટર રાઉન્ડ ઉપરથી હજુ પાછા ફર્યા ન હતા. થોડીવાર પછી તેઓ આવ્યા, ત્યારે શ્રી કસ્તૂરભાઇએ તેમની બેગ ક્યાં અને કેવી રીતે ચોરાઇ તે વિગતે કહ્યું. એટલામાં રાઉન્ડમાં નીકળેલી બીજી જીપ પણ આવી. તેમાંથી એક પોલીસ બેગ લઇ આવ્યો. તે જોતાં જ શ્રી કસ્તૂરભાઇ બોલી ઊઠયા, 'અરે, આ જ મારી હેન્ડલ વગરની બેગ."

તેઓએ તે ઊઘાડીને જોયું તો તેઓની તેમાંથી કોઇ પણ વસ્તુ ગઇ ન હતી. જો કે લઇ જનારાઓએ તે ઊઘાડી હતી, પરંતુ કપડાં સિવાય તેમાં કશું ન હતું. તેથી એમ જ બંધ કરી, પકડાઇ જવાના ભયે રસ્તા ઉપર મૂકી દીધી હશે, એમ લાગ્યું.

માત્ર દોઢ કલાકમાં જ આ ઘટનાનો આવો સુખદ અંત આવશે, તેની કલ્પના જ કોઇને ન હતી.

શ્રી કસ્તૂરભાઇ સુખરૂપ બેગ સાથે સ્વર્ગારોહણમાં આવ્યા ત્યારે સર્વ સાધકોને આનંદ સાથે આશ્ચર્ય પણ થયું. કોઇકે કહ્યું પણ ખરું કે "કસ્તૂરભાઇ, આજે તમારી મોટી ઘાત હતી. પરંતુ તમે પૂ. મા પાસે આવી રહ્યા હતા, એટલે જ બચી ગયા."

સાચા સંતો પોતાની શક્તિની કદી જાહેરાત થોડી કરે છે! તેઓના સંકલ્પ માત્રના પ્રભાવથી ઘણું બધું થતું હોઇ છે. સહુને લાગ્યું કે પૂ. મા–પ્રભુની કૃપા જ આમાં કામ કરી ગઇ, બાકી તો વાસ્તવિક જીવનમાં આવું જવલ્લે જ બને.

# * સ્વીકાર *

બંધ બારણે ટકોરા મારીને,
શ્યામે લીધી સ્વીકારી.....

કેટકેટલા દિનોથી પોકારતી હું,
કીધી કસોટી ભારી.... શ્યામે૦

મૌનમંદિરનો સાદ સંભળાયો,
આવ્યો અલખ જગાડી.... શ્યામે૦

જીન્દગી સોંપી શ્રી ચરણે એના,
નિશ્ચિત બનતાં મ્હાલી.... શ્યામે૦

અણુએ અણુમાં આનંદ હેલી,
મસ્ત બનીને નાચી.... શ્યામે૦

મૌનમંદિરમાં થયેલી પ્રાર્થનાઓ જ્યારે સંભળાવા લાગી ત્યારે જીવનમાં આનંદ છવાઇ ગયો. કેટલાયે દિવસોની કસોટી બાદ મનોકામના પૂર્ણ થઇ ત્યારે કોને મસ્તી ના ચઢે?

ભગવાન શ્રીકૃષ્ણે સંપૂર્ણપણે સ્વીકારી લીધી છે એ ઘટના જ્યારે સત્ય બનીને સામે આવીને ઊભી રહી ત્યારે જીવન નિશ્ચિત બની ગયું.

એવી પરમ ધન્ય પળોમાં આ ગીત રચાયું.

મા સર્વેશ્વરી



# દર્શન–પૂ. માનું

સુરેશ શાહ, કેનેડા

અષાઢની વાદળી જોઇ ખેડૂતને જેવો આનંદ થાય તેથી પણ સવિશેષ આનંદ સાધકોને પૂ. માના સત્સંગ અને દર્શન માટેના સંદેશાથી થાય છે. નોર્થ અમેરીકામાં શ્રી વિનોદભાઇનું નિવાસ-સ્થાન આધ્યાત્મિક જગતનું "ગેટ વે ઓફ ઇન્ડીઆ છે." પૂ. મા ૨૦૦૨ ના નૂતનવર્ષે કેલીફોર્નીયાથી ન્યૂજર્સી પધારે છે. સૌના હૈયામાં હેલી છે, મન પ્રસન્નતાથી મઢાઇ ગયું છે અને તેની પ્રતીતિરૂપે સૌ પોતપોતાની રીતે તા. ૫ જાન્યુઆરીના રોજ બપોરે ૪–૦૦ વાગે સત્સંગની બેઠકમાં હાજર થઇ જાય છે. ત્રીજા માળે બંને ઓરડા ભરાઇ જાય છે. પૂ. માના આગમનની રાહ જોવાઇ રહી છે. દર્શનામૃત પીવા સૌ આતુર નયને પ્રતીક્ષા કરી રહ્યા છે. પ્રાર્થના, સ્તુતિ, બાવની સૌ ગાય છે પણ સૌની આંખો પૂ. 'મા'ના દર્શન માટે તલસતી જોઇ શકાય છે.

સૌમ્યતા, ગંભીરતા, પ્રસન્નતા અને પરિમલતા ધારણ કરતાં પૂ. મા સાધના ખંડમાંથી પધારે છે, પ્રભુને પ્રણામ કરી બેઠક ઉપર બિરાજે છે. સૌને પૂ. મા પ્રણામ કરી સત્કારે છે. પૂ. 'મા'નું મૌન અને મુખ મંડળની મધુરતા સૌને મુગ્ધ કરે છે. દર્શન, હૃદયના સ્પંદનોને ધન્યતાનું અભિવાદન કરાવે છે. પૂ. 'મા'ના દર્શનથી.

* મનને શાંતિ મળે છે.

* આત્મા અલૌકિક આનંદ અનુભવે છે.

* બાહ્યજગતને વિસરાવે છે.
* પ્રેમની પાવક જ્યોત જગાવે છે.
* સંસારની ક્ષુલ્લકતા સૂચવે છે.
* દર્શનથી, દર્શનાર્થીઓ મનના મંગલમંદિરને ખોલે છે.

પૂ. 'મા', નાના બાળકો પાસે ધૂન ગવડાવે છે. અને ટૉરોન્ટો-થી આવેલા યુવાન સાધકો પાસે ટૉરોન્ટોની યુવાશિબિરમાં થયેલી દૈનિક પ્રવૃત્તિઓનું આલોચન કરાવે છે તથા કેલગરી શિબિરમાં યુવાન સાધકોને, પૂ. મા સાથે રહેવાથી તથા વ્યક્તિગત સાધનાના નિયમોના પાલનની સ્મૃતિ કરાવે છે. પૂ. મા માટે યુવાનો અને નાના બાળકો સર્વોપરિતા ધરાવે છે. યુવાનોના માનસને પૂ. માએ જે આધ્યાત્મિક વળાંક આપ્યો છે તે તેમના વાર્તાલાપમાં સમગ્ર રીતે જોઈ શકાય છે.

**યુવા શિબિરના પ્રતિભાવ**

યુવાશિબિરમાં ભજવાએલા નાટકોના સંવાદોનું પણ સૌ રસપાન કરે છે. અને વિનોદ અને હાસ્યની મજા પણ સૌ માણે છે. વક્તાઓમાં અર્પિતાબેન, ક્ષીપ્રાબેન અમીન, દર્શનાબેન ભક્તા, ધર્મેશ મિસ્ત્રી, યોગેશ લાડ, પ્રેમલ શાહ, વિકાસ શાહ તથા બાળક ધ્રુવ લાડનો સમાવેશ થાય છે. તેઓના સમગ્ર વક્તવ્યમાં પૂ. મા માટેનો પ્રેમભાવ, પૂ. મા માટેની શ્રદ્ધા તથા પૂ. મા જ તેમના સમગ્ર જીવનમાં કેન્દ્રિત થએલાં છે. તેવું જાણવા મળે છે. પૂ. મા એ પાશ્ચાત્ય જગતમાં આ યુવાનો અને બાળકોને દૂષણો, ખોટાં વળગણો અને કુટેવોથી બચાવ્યા છે અને આધ્યાત્મિકતાના પંથે જુદા જુદા નિયમો અને સદ્‌વાંચનની પ્રવૃત્તિથી પગરણ કરાવ્યાં છે તે અતિ ઉલ્લેખનીય અને ગૌરવવંતી ઘટના છે. યુવાનોનો



સત્સંગ પણ તેઓની નૈતિકતા અને ચારિત્ર્યમાં વધારો કરે છે. સત્સંગની બેઠકમાં પૂ. શ્રીની અમૃતવાણીનો સ્વાદ પણ સૌ માણે છે.

પૂ. મા પ્રસાદમાં કેન્ડી આપે છે. પ્રણામ કરી, પૂ. માના દર્શનની તૃપ્તિ સાથે સૌ વિદાય લે છે. આવતીકાલે રવિવારે પૂ. મા બપોરે ૧૨–૦૦ વાગે દર્શન આપવાનાં છે જાણી સૌ પ્રસન્નતા અનુભવે છે. સૌ અ. સૌ. ભાનુબેનને નિવાસસ્થાને મહાપ્રસાદ લઇ પ્રસ્થાન કરે છે.

બીજા દિવસે એટલે કે રવિવારે પૂ. 'મા' નિર્ધારિત સમયે પધારે છે. વંદન, સ્તુતિ બાદ પૂ. મા પ્રેરણાત્મક પ્રસંગોનું વાંચન કરાવે છે. જેમાં ટૉરોન્ટો અને ઇંગ્લેન્ડમાં પીંજરામાં પૂરાએલાં પક્ષીઓને મુક્તિ આપવાના પ્રસંગોનો સમાવેશ થાય છે. પૂ. મા જણાવે છે કે–

* બંધન કોઈને ગમતું નથી.
* સૌને સ્વતંત્રતા ગમે છે.
* જેને પાંખ છે તેને ઊડવાનો અધિકાર છે.
* અંગત મોજશોખ માટે કોઇ જીવને બંધનમાં ના મૂકાય.
* સૌના હૃદયની વાતોને સમજતાં શીખવી જોઇએ.
* સ્વતંત્રતા એ સૌનો જન્મસિદ્ધ અધિકાર છે.
* બંધન–પશુ, પક્ષીઓના, એ માનવજીવનની વિલાસીતા, નિષ્ઠુરતા અને ક્રૂરતાનાં સૂચક છે.

પૂ. મા પક્ષીઓને મુક્ત કરે છે. પક્ષીઓદ્વારા જાણે પૂ. મા સમગ્ર માનવજાતને ઉપદેશ આપે છે કે, તમે સૌ પણ મોહ,

માયા, ધન, વૈભવ, પ્રતિષ્ઠા અને પદના પીંજરામાં પૂરાએલા જ છો, તમારી પણ શ્રદ્ધા અને ભક્તિની પાંખો કપાઇ ગઇ છે, પરિણામે આધ્યાત્મિકતાના આકાશમાં તમે સૌ ઉડી શકતા નથી અને જીવનનું પ્રભુપ્રાપ્તિનું પરમ લક્ષ પામી શકતા નથી. પૂ. માને બંધન નથી, પીંજર નથી માટે તો પૂ. મા આધ્યાત્મિકતાની પરિ-સમાપ્તિ પામ્યાં છે. પૂ. શ્રી માટેનું સમર્પણ અને ગુરુભક્તિની પાંખોથી પૂ. મા આધ્યાત્મિક જગતમાં અનુપમ સ્થાન પામ્યાં છે. કેલીફોર્નીયાના નિવાસ દરમ્યાન પૂ. માની કલમે પ્રભુ બિરાજે છે અને ૧૯૭૦ માં સુરતમાં પૂ. શ્રીનાં પ્રથમ દર્શન થયાં તેનો પ્રસંગ—"દર્શનામૃત"નો પહેલો અધ્યાય સૌને સાંભળવા મળે છે.

પૂ. માના લોહી, પેશાબ, બ્લડપ્રેશર તથા કાર્ડીઓગ્રામ અને નેત્ર ચિકિત્સા અંગેનો પ્રસંગ પણ વાંચવામાં આવે છે. પૂ. શ્રીના અનુગ્રહથી, પ્રણામના નિયમથી, અંગકસરત—હળવો વ્યાયામ તથા પ્રતિદિન એક કલાકના ચાલવાના નિયમને કારણે બધું જ બરા-બર છે, જાણી સૌને આનંદ થાય છે. બરાબર ૧—૧૫ વાગે બેઠક સમાપ્ત થાય છે. પૂ. મા કેનેડાથી આવેલા સાધકોને પ્રસાદ સાથે એક અમેરિકન ડોલર—રસ્તે વાપરવા આપે છે. જાણે પૂ. મા, નિર્દેશ કરે છે કે સમર્થ સંતોના આશીર્વાદ જ જીવનના અંતે જીવ, શિવ પાસે જાય ત્યારે કામ લાગે છે. ધન્ય છે પૂ. માની ભક્તિ અને શક્તિને.

જેમના ચરણોમાં બેસવાથી અલૌકિક શાંતિ મળે, જેના દર્શનથી મન પુલકિત થાય, દેહ પવિત્ર થાય અને આત્મા પરમાનંદ પામે તે પૂ. 'મા' સો શરદઋતુ દર્શન આપે તે જ અભ્યર્થના/પ્રાર્થના.



હે સર્વેશ્વરી, હે કરુણેશ્વરી, ચરણે તારા સદા પ્રણામ. પૂ. માનું મૌન એટલે, ચરણે તારા કોટિ પ્રણામ.

* વાણીનો ભંડાર.
* પાગલના પગલે પગદંડી પર પ્રયાણ કરનાર પથિક.
* આધ્યાત્મિકતાનો અલૌકિક આત્માનંદ.
* હૃદયની વાણી અને
* પરમાનંદની પરિસંતૃપ્તિનો રસાસ્વાદ.

અંબાજીમાં ક્યાં ઉતરશો?

"સ્વર્ગારોહણ"

માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ

"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. (ઉ. ગુ.) ૩૮૫ ૧૧૦

એસ. ટી. ડી. ૦૨૭૪૯ / ટે. નં. ૬૨૨૬૯

# પુસ્તક અવલોકન

યશસ્વીભાઇ મહેતા

ભાવનગર વાનપ્રસ્થવૃંદે બે પુસ્તિકાઓ બહાર પાડી છે–એક છે "તૂટેલી (એક) પાંખના પંખીની વ્યથા–કથા (ખંડિત દામ્પત્યની મનોવ્યથા)" અને બીજી છે એકલવાયા વાનપ્રસ્થો માટેની નામ વગરના સંબંધોની "નવી સમાજ વ્યવસ્થા." પહેલી પુસ્તિકાનું સંકલન–વૃદ્ધોની સમસ્યાઓના ઊંડા અભ્યાસી શ્રી નાનુભાઇ પંડયા–વાનપ્રસ્થવૃંદના પ્રમુખે કરેલું છે. તેમાં તેઓએ જાણીતા લેખકો અને કવિઓની ગદ્ય અને પદ્યકૃતિઓનું સરસ સંકલન કર્યું છે. તે વાંચતા જ કોઇ પણ સંવેદનશીલ વાચકનું હૃદય દ્રવી ઊઠે એવું છે. અખબારો કે પુસ્તકોમાં છૂટક છૂટક વાંચેલી આ કૃતિઓનો સંગ્રહ કારૂણ્યભાવને અભિવ્યક્ત કરતાં ફૂલોનો એક મઝાનો ગુચ્છ બન્યો છે. અખબારોએ એને ખૂબ વખાણ્યો છે.

બીજી પુસ્તિકાના લેખક છે શ્રી નારાયણભાઇ હ. જાની. આ પુસ્તિકામાં તેઓએ પોતાના જીવનના અનુભવોના આધારે વૃદ્ધો-ની નાનીમોટી સમસ્યાઓને ભાવવાહી શૈલીમાં રજૂ કરી છે. સાથે સાથે તેમાં એકાકી વૃદ્ધોના નિરસ જીવનમાં ઉષ્મા અને હૂંફ ભરવાના ઉપાયોની ચર્ચા પણ માનવીય અને વાસ્તવિક દૃષ્ટિ-કોણથી કરી છે. આ એક નવો વિચાર હોવાથી અખબારોમાં એના ઉપર સારી એવી ચર્ચાઓ થઇ છે. વૃદ્ધોની સમસ્યાઓનો ઉકેલ વૃદ્ધાશ્રમો નથી. તે વાત તેમાં સમજાવી છે.

બંને પુસ્તિકાઓની કિમ્મત રૂા. ૨૦+૫=૨૫ છે. બંને પુસ્તિકાઓ સાથે મંગાવનારને પોસ્ટેજ ફ્રી મળશે. પ્રાપ્તિસ્થાન છે. શ્રી નાનુભાઇ પંડયા, વંદના–પ્લોટ નં. ૨૯, વિદ્યાનગર, ચિત્ત-રંજન ચોક, ભાવનગર–૨. ટે. નં. (૦૨૭૮) ૫૧૪૨૧૭ છે.



# રામકથા

(ડીસેમ્બર–૨૦૦૧ થી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

ગીતનો થોડોક ભાગ ગવાયો અને કિશોરો જવા માટે તૈયાર થયા એટલે રામે કહ્યું : 'તમે તમારા ગુરુ મહર્ષિ વાલ્મિકીને લઇને વહેલી તકે અહીં આવી પહોંચો ને મારા અતિથિ બનો. હું તમારી કવિતાને પૂરેપૂરી સાંભળવા માગું છું. બીજા પણ એને સાંભળશે.'

રામે મહર્ષિ વાલ્મિકીને આમંત્રણપત્ર લખી આપ્યો.

એ લઇને લવ અને કુશ ચાલી નીકળ્યા.

વાલ્મિકીએ લવકુશની સફળતાના સમાચાર સાંભળ્યા ત્યારે એમની પ્રસન્નતાનો પાર ન રહ્યો.

એ બંનેને એ ભેટી પડયા.

એમને આશા બંધાઇ.

એ આશાને પૂરી કરવા એમણે લવ તથા કુશ અને બીજા બે શિષ્યો સાથે અયોધ્યા આવવા માટે પ્રયાણ કર્યું.

અયોધ્યામાં એમણે પ્રવેશ કર્યો ત્યારે રામે એમનો પ્રેમપૂર્વક સત્કાર કર્યો.

મહર્ષિ વસિષ્ઠ, લક્ષ્મણ, ભરત તથા શત્રુઘ્ન પણ એમને પ્રેમથી મળ્યા.

રામે એમને માટે રાજપ્રાસાદમાં રહેવાની વ્યવસ્થા કરેલી તો

પણ, સીતાની દયનીય દશાનો ખ્યાલ રાખીને એમણે અતિથિ શાળામાં જ ઉતારો કર્યો.

બીજા દિવસથી રાજ્યસભામાં નિયમિત રીતે મહર્ષિ વાલ્મિકી-એ રચેલા રામાયણ મહાકાવ્યનું સંગીતમય ગાન થવા લાગ્યું.

લવ અને કુશના કંઠમાંથી છૂટતા સંગીત સ્વરોને સાંભળીને આખી રાજ્યસભા સ્તબ્ધ થઇ ગઇ.

કૈકેયી, કૌશલ્યા, સુમિત્રા, ઊર્મિલા, તો એ સાંભળવા રોજ બેસતાં જ, પણ અયોધ્યાના પ્રજાજનો પણ મોટી સંખ્યામાં એકઠા થતાં.

મહાકાવ્યનું સંગીતમય શ્રવણ સૌને માટે ખૂબ જ સુખકારક થઇ પડયું. એના રસાસ્વાદથી સૌ ધન્ય થયા.

'કેટલું સરસ મહાકાવ્ય?' સૌ કહેવા લાગ્યા : 'મહર્ષિ વાલ્મિકીવિના આવું અદ્ભુત મહાકાવ્ય બીજું કોઇ જ ન રચી શકે, અને લવ તથા કુશવિના આટલી મધુમય રીતે કોઇ ગાઇ પણ ન શકે.'

આખરે એ સંગીતમય મહાકાવ્યની પરિસમાપ્તિ થઇ ત્યારે રામ પોતાની પ્રસન્નતાને પ્રકટ કરતાં બોલી ઊઠયા : 'ધન્ય છે આ સંગીતમય મહાકાવ્યના રચયિતાને અને ધન્ય છે એના ગાયકને! મારું અંતર એનું શ્રવણ કરીને આનંદથી ઊભરાઇ ઊઠયું છે. સાથે સાથે સીતાનાં સંસ્મરણોથી કરુણ પણ બની ગયું છે. મહર્ષિ, તમે અને આ કિશોરોએ મને જે ઉત્તમ રસ પૂરો પાડયો છે તેનો બદલો મારાથી કેમે કરીને નથી વાળી શકાય તેમ. છતાં પણ તેના બદલામાં કશુંક આપવાનો મારો ધર્મ છે. તો તમે જ કહો કે હું તમને કઇ વસ્તુ, કયું પારિતોષિક અર્પણ કરું?'



'તમે ખરેખર આપી શકશો?' મહર્ષિ વાલ્મિકી થોડી વાર વિચારીને પછી બોલ્યા.

'જરૂર. મારી પાસે એવી એકે વસ્તુ નથી જે મારી પ્રસન્નતાના બદલામાં તમને ન આપી શકું.'

'તમને શાંતિ મળી છે તથા તમે પ્રસન્ન થયા છો એ જ પારિતોષિક શું મારે માટે પૂરતું નથી? અમે અરણ્યવાસીઓ બનતાંસુધી જરૂર વગરની કોઇ દુન્યવી વસ્તુઓ નથી માગતા. અમારું જીવન તદ્દન સાદું, સંયમી અને અપરિગ્રહી હોવાથી અમારી આવશ્યકતા પણ ઓછી હોય છે. અમે પરાધીન નહિ પરંતુ સ્વાધીન જીવનમાં માનીએ છીએ.'

'તોપણ મારી પાસે કાંઇક માગો—ને મને તમારી સેવા કરવાનો અવસર આપો એવું ઇચ્છું છું.'

'હું માગીશ તે તમે આપી શકશો ખરા?'

'એમાં શંકાનું કારણ જ નથી. મારી સત્યપ્રિયતાને સૌ કોઇ જાણે છે.'

'તો પછી હું એક એવી વસ્તુ માગું છું જેમાં ફક્ત અમારું જ નહિ પરંતુ તમારુ, અયોધ્યાનાં પ્રજાજનોનું ને સીતાનું સૌનું શ્રેય સમાયેલું છે. લક્ષ્મણે તમારી આજ્ઞાનુસાર સીતાને તમસાના તટપર છોડીને વિદાય લીધી ત્યારથી એને આશ્રમમાં આશ્રય મળ્યો છે. એના હૃદયમાં તમારે માટે જે પવિત્ર ને પ્રખર પ્રેમ છે તેનું વર્ણન નથી થઇ શકે તેમ. એણે આશ્રમમાં આ બંને પુત્રોને જન્મ આપ્યો છે. આ બંને પુત્રો—લવ અને કુશ—તમારા છે. તમને સારી પેઠે ખબર છે કે સીતા વનમાં આવી ત્યારે માતા થવાની યોગ્યતાવાળી હતી. મારી પ્રાર્થના છે કે હવે તમે એનો સ્નેહપૂર્વક

સ્વીકાર કરો. તમે બંને એકમેકના વિરહની ઘણી લાંબી ને ભારે વ્યથા સહન કરી છે. હવે એનો સુખદ અંત લાવો. મારે બીજું કશું જ નથી માંગવું. તો હવે એવું કરો કે જેથી સીતાને તમારી પ્રાપ્તિ થાય ને લવકુશને પોતાના પિતા મળે.'

વાલ્મિકીના શબ્દો સાંભળીને સમસ્ત સભા સ્તબ્ધ બની ગઈ.

રામ પણ ગંભીર બની ગયા.

વાલ્મિકીએ કહ્યું : 'તમે જે હેતુને માટે સીતાનો ત્યાગ કર્યો છે તે જાણું છું. તે હેતુની હવે સિદ્ધિ થઈ છે, માટે તમારે સીતાનો સ્વીકાર કરવો જોઈએ. તમારા કહેવાથી જ મેં આ વસ્તુ માગી છે તો મને તે અર્પણ કરો. સીતાએ તમને સર્વસમર્પણ કર્યું છે. તમારા આદેશને આધીન બનીને અરણ્યમાં વાસ કરે છે. હવે એનો અંગીકાર કરીને એ સમર્પણને સફળ કરો. મારે એથી વધારે બીજું કશું જ નથી કહેવાનું.'

મહર્ષિ વસિષ્ઠ વાલ્મિકી સાથે સંમત થયા.

લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન, માતાઓ અને ઊર્મિલાએ પણ એમનું સમર્થન કર્યું. એટલે રામ બોલ્યા : 'તમારી લાગણી સમજી શકું છું. મારામાં પણ સીતાને માટે એવી જ ઉત્કટ લાગણી રહેલી છે. મારા વચનને અનુસરીને કરાયેલી તમારી પ્રાર્થનાનો સ્વીકાર કરું છું. પરંતુ સીતાએ આ સભામાં સૌની વચ્ચે મારા તથા એના લોકાપવાદના કલંકને દૂર કરવા પોતાની પવિત્રતા કે નિષ્ઠા બતાવી આપવી પડશે. પ્રજાજનોમાંના કોઈયે એને માટે કલંકિત કથા વહેતી કરે એ મારાથી નહિ સહી શકાય.'

'ભલે. તમારી ઈચ્છા હશે તેમ જ થશે. સીતાની પવિત્રતા કે નિષ્ઠાને હું સાબિત કરી આપીશ.' (ક્રમશઃ)



યુવા શિબિરમાં

# પૂ. માના વ્યવહારનું નિરીક્ષણ

[મૂળ અંગ્રેજી લખાણનો આ અનુવાદ છે.]

શીપ્રાબેન અમીન, કેનેડા
અનુ. તંત્રી

પૂ. મા પોતાનું કામ પોતાના હાથે કરવામાં માને. ભાગ્યે જ કોઈની મદદ માંગે. પછી ભલેને ગમે તેવું કામ હોય. તેઓ તુરત તે કામ કરવા લાગી જાય. શિબિર દરમ્યાન એક દિવસ, અકસ્માત્ એક ફૂલદાની પડી ગઈ ને તેમાંનું પાણી જમીન પરની કારપેટ તેમ જ ચાદરો ઉપર ઢોળાઈ ગયું. પૂ. માએ મને આ બતાવ્યું ત્યારે મેં તેઓને જણાવ્યું કે હું કારપેટ અને ચાદરો બદલી નાંખું છું. જમીન પરની આ શેત્રંજી એવી રીતે આવેલી હતી કે તેના એક ભાગ ઉપર પ્રભુની બેઠક હતી અને બીજા ભાગ ઉપર પૂ. માની પથારી. આથી પૂ. માને મેં કહ્યું, "બે મિનિટ માટે થોભી જાઓ, હું બેઠક અને પથારી ઊંચકવામાં મદદ કરવા કોઈકને બોલાવી લઉં છું." પરંતુ હું મારું આ વાક્ય પૂરું કરું તે પહેલાં તો પૂ. મા તેઓની પથારીના એક છેડે પહોંચી ગયાં અને ઊંચકવા મંડયાં. બીજાની મદદ લેવાની વાત જ તેઓએ અવગણી કાઢી. આપણા બંનેથી જેટલું શક્ય હોય, તેટલું આપણે જાતે જ કેમ ના કરી લઈએ!

આવી જ બીજી ઘટના શિબિરના છેલ્લા દિવસે બની. સાત–આઠ સાધકો મળી, પૂ. માના આવાસ માટે અમે જે કંઈ ફરનીચર, શેત્રંજીઓ ને ઓસીકાં વગેરે લાવેલ તે પેક કરવામાં લાગેલાં હતાં. આટલા બધાં માણસો હોવા છતાં અમને કામ કરતાં જોતાં

તે બેસી ના રહ્યાં. પૂ. માએ જોયું કે શેત્રંજીનો ગોળ પીલ્લો વળાઇ ગયો છે તો તેઓ તે ઊંચકીને દાદર ઉતરવા માંડયાં. પૂ. માએ પાસે ઊભેલા કોઇને તે લઇ જવા ના કહ્યું. આ ઉપરથી આવી બાબતોમાં શું કરવું જોઇએ, તે પોતાના કામદ્વારા પૂ. મા આપણને શીખવતાં રહે છે.

* * *

શ્રી કિશોરભાઇ આ શિબિરમાં ઉપયોગમાં લેવા બે 'વોકી–ટોકી' સાધન લાવ્યા હતા. હું પૂ. મા પાસે હતી એટલે એક મેં રાખ્યું અને બીજું શ્રી યોગેશભાઇ પાસે. આ વોકી–ટોકી મહત્ત્વનું હતું કારણ કે તેના વડે પૂ. માના ઓરડામાંથી મુખ્ય હોલની કોઇ પણ વ્યક્તિ સાથે હું સંપર્ક કરી શકતી. તે માટે મારે જાતે દોડવું ના પડતું.

શિબિર અર્ધી પતી ત્યાં મારું આ સાધન ક્યાંક મૂકાઇ ગયું. મને એટલું યાદ હતું કે સવારનો સત્સંગ પત્યા પછી હું અને પૂ. મા હોલમાંથી બહાર નીકળ્યાં ત્યારે તે મારી સાથે લઇ ગયેલી. પરંતુ પૂ.માના ઉતારે હું જેવી પહોંચી કે પૂ. માએ મને મુખ્ય હોલમાંથી કંઇ લઇ આવવા અને કેટલાકોને કંઇ કહેવા તરત પાછી મોકલી. આ દોડધામમાં મારું 'વોકીટોકી' મારાથી ક્યાં મૂકાઇ ગયું તેનો મને ખ્યાલ ન રહ્યો. આથી હું તેને આખો દિવસ બધે શોધી વળી. મારું આ સાધન કોઇએ જોયું છે કે કેમ તે માટે ઘણા બધાઓને પૂછ્યું. પરંતુ તેમાં કોઇ સફળતા ના મળી. અરે, પૂ. માના ઓરડાના કેટલાક ભાગમાં પણ મેં શોધ કરી, પણ મને તે મળ્યું નહિ. સાંજે શ્રી અનિલભાઇ પૂ. માને કંઇ વાત કરવા આવ્યા. મેં તે આખો દિવસ તેમને જોયા ન હતા. એટલે તેમને પૂછ્યું. પૂ. મા પણ ત્યાં હાજર જ હતાં. તેઓ કંઇ કહે તે પહેલાં



જ પૂ. માએ કહ્યું, 'ચિન્તા ના કર. થોડી ધીરજ રાખ, તે મળી જશે.' મેં પૂ. માને પૂછ્યું, "ક્યાંથી મળશે? હું બધું જ શોધી વળી છું." પ્રત્યુત્તરમાં પૂ. મા હસ્યાં. એટલે મને ખાત્રી થઇ કે તે તેમની પાસે છે. તેઓએ તે પૂ. ગુરુદેવની બેઠક નીચે સંતાડી દીધેલું.

મેં પૂ. માને કહ્યું, 'અરે મા, હું તો આખો દિવસ બધે જ શોધી વળી, પરંતુ તે તો પ્રભુની બેઠક નીચે સલામત હતું. પછી પૂ. માએ હાસ્ય સાથે લખ્યું, "વોકીટોકીની મદદ સિવાય પણ અમે કામ કરી શકીએ છીએ. જો કે તે ઉપયોગી ને મદદરૂપ જરૂર છે, પરંતુ આપણે તો તેનો ઉપયોગ નાના બાળકોના રમકડાંની જેમ કરતાં હતાં." છેલ્લે પૂ. માએ નોંધ્યું કે, "હજી અમે સશક્ત છીએ એટલે અમારે કોઇ સાધક કે સાધન ઉપર શા માટે આધાર રાખવો જોઇએ?"

પૂ. માએ જોયું કે અમારું ધ્યાન આખો દિવસ આ સાધનપર આવતા સંદેશાઓ પ્રત્યે જ રોકાયેલું રહેતું ને શિબિરની શિક્ષા કે કાર્યક્રમ પ્રત્યે જરૂરી ધ્યાન રહેતું નહિ. એથી પૂ. માએ અમોને પાઠ ભણાવવા આ લીલા કરી.

* * *

ગુજરાતના કચ્છ આસપાસના વિસ્તારમાં ૨૬ જાન્યુ. ૨૦૦૧ ના રોજ થયેલ ભારે ધરતીકંપ પછી પૂ. ગુરુદેવે પૂ. માને જે ભિન્ન ભિન્ન પ્રકારની સેવાઓ કરવાની પ્રેરણા કરી, તેની પૂ. મા વિગતો નોંધવા લાગ્યાં. આ લખવામાં ઘણા કલાકો ગયા, છતાં તે પૂરું ન થયું. તે પછીના બે ત્રણ દિવસ મેં જોયું કે જ્યારે પણ થોડી નવરાશની ક્ષણો મળતી કે પૂ. મા પોતાની બાકી રહેલ નોંધ પૂરી કરવામાં લાગી જતાં. પૂ. માનું ધ્યાન પોતાના તે કામ પ્રત્યે

એવું ખેંચાયેલું રહેતું કે નાટક અને ભજનના કાર્યક્રમો વચ્ચે પાંચ મિનિટનો પણ ગાળો પડતો તો તેમાં પૂ. મા લખવા મંડી જતાં. પોતે શરૂ કરેલું કામ પોતાને સંતોષ થાય તે રીતે પૂરું ના થાય, ત્યાંસુધી પૂ. માને ચેન પડતું નહિ.

* * *

પૂ. માની પ્રાથમિકતાઓમાં ભોજનનો ક્રમ છેલ્લો છે, કારણ કે પૂ. માને પોતાને ભૂખ લાગી છે કે મારે અમુક વસ્તુ ખાવી છે, એવું મેં કદી સાંભળ્યું નથી. શિબિર દરમ્યાન શુક્રવારની રાતે ભજન પછી શિબિરાર્થી યુવકોએ પૂ. માના ઉતારાની બહાર તેમને આશ્ચર્ય પમાડવા લાઇનમાં ગોઠવાઇને ધૂન ગાવા માંડયા. તે વખતે હું અને વિમળાબેન પૂ. માને બેસીને કંઇક લેવા કહી રહ્યાં હતાં, ત્યાં જ અચાનક પૂ. માએ ઢોલક ઉપર 'ૐ નમો ભગવતે યોગેશ્વરાય'ની ધૂનનો અવાજ સાંભળ્યો. આ સાંભળતાં જ પૂ. માના મુખ ઉપર પ્રસન્નતા છવાઇ ગઇ. શ્રી વિમળાબેન અને મેં પૂ. માને વિનંતી કરી કે આપ થોડું કંઇ લઇ લો, પછી છોકરાઓને જોવા જજો. કારણ કે જોયું છે કે આવું લેવાનો સમય જો વીતી જાય, તો પછી પૂ. મા કહી દે કે મને હવે ભૂખ નથી એટલે ખાવું નથી. મેં ને વિમળાબેને બહાર જઇને દરવાજો બંધ કર્યો. પણ મા કોનું નામ! તેઓ છોકરાઓને આમ ઊભા થોડા રાખે! પાંચ જ મિનિટમાં પૂ. મા બહાર દોડી આવ્યાં અને પીપરમીટના ડબામાંથી બાલ્કનીમાં ઊભા રહી, પ્રસન્નતાપૂર્વક છોકરાઓ પર ચોકલેટ અને પીપરમીટનો વરસાદ વરસાવવા લાગ્યાં. એની પરાકાષ્ટા તો ત્યારે જોવાઇ કે બહાર ખૂબ ઠંડી હોવા છતાં શરીરે સ્વેટર કે પગમાં કંઇ પણ પહેર્યાવિના, છોકરાઓ વચ્ચે નીચે દોડી આવી, માથા ઉપર બે હાથ ઊંચા કરી તાળીઓ પાડવા લાગ્યાં.



પછી તો પૂ. માની પાછળ બધા જ સાધકો જોડાઇ ગયા અને મુખ્ય ખંડની આગળ પહોંચી પૂ. માની આસપાસ કુંડાળામાં ગોઠવાઇ ગરબા ગાવા લાગ્યા. આખરે જ્યારે બધા પોતપોતાના ઉતારે સૂવા ગયા ત્યારે કંઇક લેવા અમે પૂ. માને વિનંતી કરી. પોતાના ખાવા બાબતમાં ઉદાસીન મા, બીજાઓના ખાવાની સતત ચિન્તા કરે. આવું છે એમનું માતૃહૃદય.

## * રાધા કરે *

રાધા કરે કૃષ્ણને યાદ.
કામણગારા કૃષ્ણ પણ કરે એથીયે વધુ યાદ,
શ્વાસોશ્વાસે પાડે નિશદિન રાધા રાધા સાદ. રાધા૦

ધ્યાન કાનનું ધરે રાધિકા, કાન પણ ધરે ધ્યાન,
કીર્તન કરે કૃષ્ણનું કીર્તન કરે નિરંતર કાન. રાધા૦

રસેશ્વરી રસના નિધાનને ઝંખે ભૂલી ભાન,
ઝંખે એને સદા રસેશ્વર પીડા સહતાં પ્રાણ. રાધા૦

રીત પ્રીતની પવિત્ર એવી બની રાધિકા શ્યામ,
શ્યામ બન્યા રાધામય રટતાં રસભીનીનું નામ. રાધા૦

યોગેશ્વરજી

## My Shradhdha

**Rahul Shakyaputra**

It was summer time in California and the place where I was living at made me feel like I was living in India. It was through music that I met people whose company I enjoyed. Religion was always important and present in my life. It was through music of the Sitar and Tabla that our Tabla maestro Hemantbhai Ekbote brought up the name of Holy Maa to my mind. I became more and more curious about the Holy Maa. In the mean time a whole year had passed and I had not met the Holy Maa. Then the Holy Maa arrived in California and even then I did not yet have the desire to go and see this Holy Saint. Then one day Hamantji calls me up because Maa wanted to record a music piece of Pundit Bhimsen Joshi's devotional songs. Hemantbhai really wanted me to grab this opportunity of recording to meet and see Maa. I have to be honest and say that it was Hamantji who



was emphasizing that I must see Maa and should get blessed by her. Hemantbhai had been telling me so many stories of Maa and her divine work, he even said leave everything aside and accept this opportunity to see Maa this evening.

So that every evening we did the recording downstairs at the Bhagwanjibhai's house while Maa was upstairs. The recording went till midnight and after that Maa called us upstairs. Though Buddhist I am familiar with the manners and customs appropriate when meeting a holy saint. A small group of her devotees performed the rightfully mannered salutations and so did I. I knew of Maa's way of communication was writing on a slate and translator would expain. The presence of Maa was very serene. While the other devotees stayed upstairs with Maa, I took leave and went downstairs. To my surprise, Hemantbhai came downstairs a few minutes later and said Maa is asking you to come upstairs. I was surprised because I already saw Maa once. But having heard Maa wants to see me upstairs a hundred thoughts jumped to my

mind that Maa is truly a holy person displaying compassion and care. While I was sitting downstairs I thought I have seen many holy saints of different faiths and even played for them but I had no hope of seeing them twice. So naturally when Maa asked me to go upstairs and see her I felt something very different. When I went upstairs again, I did salutations to Maa. Then Maa asked me a few questions about me, how I am doing in music, finances, etc. This is where I realized and saw her compassionate and caring nature. Then she asked me to come forward with my sitar in my hands where with words of blessing, she covered my sitar with a new beautiful shawl and words and said "go and play your sitar and hence forth with more zeal and shringar." At that moment, I felt I got exactly what I wanted. At the same time she also gave me a few quotation cards, her picture and a rosary, which I have displayed on my sitar and there it will stay. After Maa's short stay in LA, she went to India.

I had the constant memory and words of blessing of Maa. I always wanted to know more and more about Maa, and whenever I



faced a problem, I always wanted Maa to know. Hemantbhai was always a great help and would ask me to go ahead and call Maa and leave matters in her hands. It has become my understanding that a holy being has certain ways of healing and blessing with loving kindness. I did see this nature of compassion in Maa. I called the ashram (Swargarohan) at Ambaji and just wanted to let her know about my finger that was not healing. It put me into worries since it was my index finger, which I use to play my sitar. Maa asked me to offer prayers to Yogeshwarji and that would take care of my finger and other things. I had no problems following such advice. As time went by, I felt better and my Shradhdha grew stronger. Recently I have been told by cardiologist that my heart is not in the best of health and I have to be extremely careful. I have put my self in the Holy Maa's hands and will take Ayurvedic medicine.

I was looking forward to see Maa and the Ekbote family always supported me in giving the message of Maa's arrival here in the USA

and Canada. Finally Maa arrived in New Jersey and I was fortunate to communicate with Maa. This time I wanted to tell her everything on my mind including my green card situation. About six months before I had spoken to Maa about my concerns regarding my Green Card and at that time Maa told me not to worry that I will get my Green Card. In less then six months I got the Green Card and I know this became possible because of Maa's blessings.

Again I spoke to her about my finger and it was to my surprise the way she blessed me saying "I am giving you **my finger**" For me this was more than enough to see my future full of blessings. This has given me enough strength to grow larger and larger in Shradhdha for Maa. I feel fortunate to have recorded a few dhuns and bhajans of Maa's choice. I understand such a service and shradhdha offered to Maa is always full of good results (falibhut). From time to time I have been fortunate enough to receive more of such blessings and articles (Prasad), while she was here in California.



Also while I was asking Maa about my finger she blessed me again and said, that like Ravi Shanker I too will be a recognized Sitar player. As a matter of fact my Guru Baba Allaudin Khan had said something similar when I was a student. He had said that this boy will be a second Ravi Shanker. I have no doubts in the Divine words of Holy Saints. I have felt very fortunate with Maa and the entire shishya samaj. Though I am a Buddhist, I do not feel any discomfort with Maa. And I will remain full of Shradhdha towards Maa. I will always be there to participate in all of the musical events including all other events. I remain obedient to all the elders and Divine Saints. I pray that my Ego never gets in the way of my playing the Sitar. I hope to always play my Sitar well and through my music heal the audience. I pray for Maa's blessing so that I may play my Sitar in good health. Pranaam Maa.

# મારી શ્રદ્ધા

મૂળ અંગ્રેજી : રાહુલ શાક્યપુત્ર
અનુવાદ : તંત્રી

કેલિફોર્નિયામાં હું જ્યાં રહેતો હતો ત્યાં ઉનાળો હતો. એટલે મને એવું લાગતું કે જાણે હું ભારતમાં છું. જેમના સાન્નિધ્યથી મને આનંદ થતો તેવા લોકોને સંગીતના માધ્યમથી મળવાનું થયું. મારા જીવનમાં ધર્મ હંમેશાં મહત્ત્વનો જ નહિ, પરંતુ અસ્તિત્વ ધરાવતો. સિતાર અને તબલાના સંગીતદ્વારા મારા તબલા શિક્ષક શ્રી હેમંતભાઇ એકબોટેના મોઢે મને પૂ. માનું નામ સાંભળવા મળ્યું. પછી તો પૂ. માની યાદ વધુ ને વધુ આવતી રહી. આમ ને આમ એક વરસ પસાર થઇ ગયું, પરંતુ પૂ. માને મળવાનું ના થયું. જો કે પૂ. મા જ્યારે કેલિફોર્નિયામાં પધાર્યાં ત્યારે પણ આ. પવિત્ર સંતના દર્શને જવાની મને ઇચ્છા ના થઇ. પરંતુ એક દિવસ એવું બન્યું કે શ્રી હેમંતજીએ મને બોલાવી કહ્યું કે પૂ. મા પંડિત ભીમસેન જોષીની ભક્તિગીતોની સંગીત પદાવલિનું રેકોર્ડિંગ કરાવવા માગે છે. શ્રી હેમંતજીની ભાવના ખરેખર એવી હતી કે આ રેકોર્ડિંગની તક ઝડપી લઇ પૂ. માને મળું અને તેમનાં દર્શન પામું. મારે પ્રામાણિકપણે કહેવું જોઇએ કે શ્રી હેમંતજીનો એ આગ્રહ હતો કે મારે પૂ. માને મળીને તેઓના આશીર્વાદ મેળવવા જોઇએ. શ્રી હેમંતભાઇએ પૂ. મા વિષે અને તેઓના દિવ્ય કાર્ય અંગે મને ઘણી વાતો કરેલી. તેમણે વળી એવું ભારપૂર્વક કહેલું કે બીજું બધું કામ બાજુપર રાખીને પણ તે સાંજે પૂ. માને મળવાની તક સ્વીકારી લેવી જોઇએ.



એથી અમે શ્રી ભગવાનજીભાઇના ઘરે નીચેના માળે રેકોર્ડિંગ કર્યું, ત્યારે પૂ. મા ઉપલા માળપર હતાં, આ રેકોર્ડિંગ મધરાતસુધી ચાલ્યું. તે પછી પૂ. માએ અમોને ઉપર બોલાવ્યા. જો કે હું બૌદ્ધધર્મી હોવા છતાં કોઇ પવિત્ર સંતને મળવાનું થાય ત્યારે કેવી રીતભાત અને વ્યવહાર કરવો જોઇએ, તેની મને જાણ હતી. પૂ. માના ભક્તોના નાના સમુદાયે જે રીતે પ્રણામ વગેરે કર્યું, તેવું જ મેં પણ કર્યું. હું જાણતો હતો કે પૂ. મા મૌન પાળે છે અને સ્લેટમાં લખીને દુભાષીઆ મારફત વાતચીત કરે છે. પૂ. માની ઉપસ્થિતિ ખૂબ સાદી આડંબરરહિત હતી. બીજા ભક્તો પૂ. મા સાથે વાતોમાં ગૂંથાયેલા ત્યારે હું રજા લઇને નીચેના માળે આવી ગયો. પરંતુ મારા આશ્ચર્ય વચ્ચે થોડીવારમાં જ શ્રી હેમંતભાઇ નીચે આવ્યા અને કહ્યું કે પૂ.મા મને ઉપર બોલાવે છે. પૂ. માનું દર્શન તો મેં એકવાર કરી લીધું તો પૂ. મા મને હવે શું કામ બોલાવતાં હશે, એ વિચારે મને આશ્ચર્ય થયું. પરંતુ પૂ. મા બોલાવે છે એ સાંભળતાં જ અનેક વિચારો મારા મનમાં ઉછળ્યા અને મને લાગ્યું કે પૂ. મા ખરે જ એક દયાળુ અને મમતાળું પવિત્ર સંત છે. નીચેના માળે બેઠો હતો ત્યારે મેં વિચાર્યું કે ભિન્ન ભિન્ન ધર્મોના ઘણા સંતોને મારે એકવાર મળવાનું અને તેમને માટે કામ કરવાનું થયું છે, પરંતુ બીજીવાર તેમને મળવાનો યોગ થયો નથી. તેથી સ્વાભાવિક રીતે જ પૂ. માએ મને ફરી ઉપલા માળે પાછો બોલાવ્યો, ત્યારે મેં એક ભિન્ન પ્રકારની લાગણી અનુભવી. ઉપર પહોંચીને મેં ફરી પૂ. માને પ્રણામ કર્યાં. ત્યારે પૂ. માએ મારા વિષે થોડા પ્રશ્નો પૂછ્યા–જેવા કે હું સંગીત શીખું છું તો મારા ખર્ચાનું કેમ ચાલે છે વગેરે. આથી મને પ્રતીતિ થઇ કે પૂ. મા કેવાં દયાળુ અને કાળજી લેનારાં છે. પછી તેઓએ મારી સીતાર

સાથે મને નજીક આવવા કહ્યું અને આશીષ વરસાવતા શબ્દો સાથે, સીતાર ઉપર એક સુંદર શાલ ઓઢાડી કહ્યું, "જાઓ, તમારી સીતાર ખૂબ ઉત્સાહ અને સાજ સાથે વગાડતા રહેજો." એ ક્ષણે મને એવું લાગ્યું કે જાણે મારે જે જોઇતું હતું તે બધું જ મને મળી ગયું. સાથે સાથે તેઓએ મને સુવાક્યોવાળાં થોડાં કાર્ડ, પોતાનું સ્વરૂપ અને માળાય આપી, જેને મેં મારી સીતાર ઉપર ભરાવેલી રાખી છે ને તે હંમેશાં ત્યાં રહેશે. તે પછી પૂ. મા થોડા દિવસ લોસએન્જેલસમાં રોકાઇ, ભારત વિદાય થયાં.

તે પછી પૂ. માની યાદ મને સતત આવતી અને તેઓનાં આશીર્વચનો મનમાં ગૂંજ્યાં કરતાં. વળી તેઓ વિષે વધુ ને વધુ જાણવાની જીજ્ઞાસા પણ હંમેશાં રહેતી. જ્યારે કંઇ સમસ્યા ઊભી થતી, ત્યારે પૂ. માને તે વિષે વાત કરવાનું મન થતું. શ્રી હેમંતભાઇ આવા વખતે મને ખૂબ મદદરૂપ થતા અને પૂ. માને યાદ કરી તેને બધું સોંપી આગળ વધવા કહેતા. મારી એવી સમજ થઇ ગઇ છે કે પવિત્ર સંતોની પોતાના પ્રેમી ભક્તોના દર્દ મટાડવાની અને આશીર્વાદ વરસાવવાની આગવી શૈલી હોય છે. પૂ. માના આવા દયાળુ સ્વભાવની મને જાણ હતી. મારી એક આંગળી પાકેલી. તેને રૂઝ નહોતી આવતી એટલે મેં પૂ. માને અંબાજી સ્વર્ગારોહણ ફોન કર્યો. સીતાર વગાડવા માટે એ મારી મહત્ત્વની આંગળી હતી એથી મને તેની ઘણી ચિંતા થતી. પૂ. માએ જણાવ્યું કે પૂ. યોગેશ્વરજીને પ્રાર્થના કર. તેઓ તારી આંગળી શું બધી બાબતોની સંભાળ રાખશે. પૂ. માની આ સલાહ સ્વીકારવામાં મને કોઇ આપત્તિ ન હતી. સમયના વીતવા સાથે મને સારું થવા લાગ્યું અને મારી શ્રદ્ધા બળવત્તર બની ગઇ. હમણાં થોડા સમય પહેલાં



એક હૃદયના દાક્તરે (કાર્ડીઓલોજીસ્ટે) એવું કહ્યું કે મારું હૃદય જોઇએ તેવું સક્ષમ નથી. તેથી મારે તેની પૂરતી કાળજી રાખવી. પરંતુ મેં તો પૂ. માના હાથોમાં મારી જાતને સોંપી દીધી છે અને હવે હું આયુર્વેદીક દવા લઇશ.

પૂ. માના આગમનની હું પ્રતીક્ષા કરતો, તો શ્રી એકબોટે પરિવાર મને હંમેશાં હિમ્મત આપતાં તેમ જ પૂ. મા અમેરિકા અને કેનેડામાં ક્યારે પધારશે તે જણાવતાં રહેતાં. આખરે પૂ. મા ન્યુજર્સી પધાર્યાં અને હું પૂ. માનો સંપર્ક કરવા ભાગ્યશાળી થયો. આ વખતે પૂ. માને મેં બધી હકીકત જણાવી દેવા વિચાર્યું જેમાં મારા ગ્રીન કાર્ડ વિષેની ચિંતાની વાત પણ હતી. છ મહિના પહેલાં પૂ. માને આ અંગે વાત કરી તો પૂ. માએ એની ચિંતા ન કરવા તેમ જ મને ગ્રીન કાર્ડ મળી જશે એમ કહ્યું અને છ મહિનામાં જ મને ગ્રીન કાર્ડ મળી ગયું. પૂ. માના આશીર્વાદનું જ એ પરિણામ હતું.

ફરી પૂ. માને મારી આંગળી વિષે વાત કરી અને મારા આશ્ચર્ય વચ્ચે આશીર્વાદ આપતાં મને કહ્યું, "હું તને મારી આંગળી આપું છું." મારા માટે તો આ ખૂબ પૂરતું હતું. મારું ભવિષ્ય આશીર્વાદવાળું દેખાતું. આના પરિણામે મને ખૂબ બળ મળ્યું જે મારી પૂ. મા પરની શ્રદ્ધા વધુ ને વધુ બળવત્તર બનાવી ગયું. હું મારી જાતને ભાગ્યશાળી માનું છું કે પૂ. મા માટે હું કેટલાંક તેઓની પસંદગીનાં ભજનો અને ધૂનોનું રેકોર્ડીંગ કરી શક્યો. હું સમજું છું કે આ પ્રકારની પૂ. માની સેવા અને તેઓ પ્રત્યે વ્યક્ત કરેલ શ્રદ્ધા હંમેશાં ફળદાયી નીવડે છે. પૂ. મા જ્યારે કેલિફોર્નિયામાં હતાં ત્યારે સમય સમયના અંતરે પૂ. માના આશીર્વાદ અને પ્રસાદ મેળવવા હું ભાગ્યશાળી થયો છું.

ફરી મારી આંગળી વિષે પૂ. માને પૂછતો તો તેઓ આશીર્વાદ આપી કહેતાં કે પંડિત રવિશંકર જેવી એક સીતારવાદક તરીકે મારી ખ્યાતિ થશે. ખરું પૂછો તો જ્યારે હું વિદ્યાર્થી હતો ત્યારે મારા ગુરુ બાબા અલ્લાઉદ્દીન ખાને આને મળતી જ આગાહી કરેલ, તેઓએ તે વખતે કહેલું કે "આ બીજો પંડિત રવિશંકર બનશે." મને પવિત્ર સંતોનાં દિવ્ય વચનોમાં પૂરી શ્રદ્ધા છે. પૂ. મા અને એમના અનુયાયી પરિવારોના મિલનને હું મારું સૌભાગ્ય સમજું છું. જો કે હું બુદ્ધધર્મી છું છતાં પૂ. માને મળવામાં કોઇ આપત્તિ નથી. પૂ. મા પ્રત્યેની મારી શ્રદ્ધા અખંડ રહેશે. પૂ. માના બધા જ સંગીતના તેમ જ બીજા કાર્યક્રમોમાં ભાગ લેવા હું તત્પર રહીશ. બધા જ વડીલો અને સંતોને હું આધીન રહીશ. હું પ્રભુને પ્રાર્થું છું કે મારા સીતારવાદનમાં મને કદી અભિમાન ના થાય. હું હંમેશ સરસ સીતારવાદન કરું અને મારા શ્રોતાઓનાં દર્દોને સંગીતદ્વારા મીટાવી શકું. ફરી પૂ. માના ચરણોમાં પ્રણામ. હે મા, મને એવા આશીર્વાદ દો કે હંમેશાં સ્વસ્થ શરીરે હું સીતાર વગાડી શકું.

O

ADHYATMA * Regd. No. GBV 113 * R.N.I.No.71957/99

## * પોતે પોતાના ગુરુ *

મહર્ષિ પતંજલિએ પોતાના યોગદર્શનમાં યોગની સાધના માટે કોઇ માનવગુરુ કરવા જ જોઇએ, એવા ગુરુ વિના આત્મવિકાસના અભ્યાસક્રમમાં આગળ વધી જ ના શકાય એવો ઉલ્લેખ કોઇ સૂત્રમાં નથી કર્યો. ગુરુ ના કરવા જોઇએ એવું પણ ક્યાંય નથી કહ્યું. એ તો સૂચવે છે કે અધ્યાત્મ માર્ગમાં આગળ વધવાની અભિપ્સાથી અલંકૃત હોય એ બધા યોગમાર્ગના અધિકારી છે. આરંભમાં માનવે પોતે જ પોતાના ગુરુ થવાનું છે. કેટલાય વિષયોમાં પોતે જ આગળ વધવાનું છે. બ્રાહ્મમુહૂર્તમાં ઊઠવું હોય તો ગુરુની આવશ્યકતા ક્યાં છે? એ કામ પોતે જ કરવાનું છે. ઊઠયા પછી પ્રાર્થના, વ્યાયામ, સ્નાન અને સ્વાધ્યાય કરવામાં પણ ગુરુ સિવાય પ્રવૃત્ત થઇ શકાય જ નહીં એવું થોડું છે? વ્યસનોના ત્યાગનું, સાચું બોલવાનું, રાગદ્વેષ, કામક્રોધ, અહંતામમતાદિને તિલાંજલિ આપવાનું, થોડુંક ધ્યાનાદિ કરવાનું અને બીજાનું કાંઇ ને કાંઇ સારું કરવાનું કાર્ય પણ પોતાની મેળે જ કરી શકાય છે. એને માટે ગુરુની પ્રતિક્ષા કરીને અને ગુરુ ના મળે ત્યાંસુધી અકર્મણ્ય બનીને બેસી રહેવાની આવશ્યકતા નથી હોતી. ગુરુના માર્ગદર્શનની અનિવાર્ય આવશ્યકતા તો આગળ પર પડે છે. એ વખતે એમનું મંગલ માર્ગદર્શન મળી રહેશે. સંસાર-માં માનવને સૌથી પ્રથમ સત્યના સાક્ષાત્કારની ઈચ્છા થઇ હશે ત્યારે એ ઈચ્છાની પૂર્તિ માટે એને ક્યાં ગુરુ મળ્યા હશે? એ વખતે કોઇ બાહ્ય ગુરુ હતા જ નહીં. વેદ કહે છે કે સૃષ્ટિ-ને સર્જીને જે બ્રહ્માને વેદોનું જ્ઞાન આપે છે તે પરમાત્માને પ્રણામ છે. એ પરમાત્માનું હું શરણ લઉં છું.

**યોગેશ્વરજી**

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.

## * ઈશ્વર પ્રણિધાન *

ઈશ્વર પ્રણિધાન ઈશ્વરની અખંડ, અનંત શ્રદ્ધાભક્તિ છે. એમાં કદી કોઈ કારણે ઓટ નથી આવતી એ એકરસ અને દેશકાલાતીત હોય છે. એટલે સર્વ સ્થળે, કાળે અથવા સર્વે પ્રકારની પરિસ્થિતિમાં, સઘળા સંજોગોમાં અડગ અથવા અચળ રહે છે. ઈશ્વર પ્રણિધાનની સાચી કસોટી સાનુકૂળ ક્ષણોમાં તથા પ્રતિકૂળ પળોમાં થતી હોય છે. પ્રતિકૂળ પળોમાં, વિપરીત વાતાવરણમાં જીવનનો પ્રવાસ પંથ ધાર્યા જેટલો સરળ, સ્વચ્છ, સુરક્ષિત, સુખમય, નિષ્કંટક નથી હોતો. એમાં વિપત્તિ, વિપરીતતા, વિષાદ, વ્યથા, ભય, ચિંતા, વિરોધ પેદા થાય છે. એવે વખતે સામાન્ય માનવનું મન મૂંઝાય છે. કેટલીકવાર જીવનની પોતાની અને ઈશ્વરની શ્રદ્ધાભક્તિને ખોઈ બેસે છે. એવે વખતે ઈશ્વર પ્રણિધાનથી મોટી મદદ મળે છે. એ મનને સ્વસ્થ, સ્થિર અને ઈશ્વરપરાયણ રાખે છે. ઈશ્વર-પરાયણ ઈશ્વરની સાચી ભક્તિથી ભરપૂર ભક્ત સદા સમજે છે કે હું હરિનો છું અને હરિ મારા શાશ્વત સંરક્ષક છે. એમની છત્રછાયામાં મારું જીવન સદાને સારું સલામત છે. મારે ચિંતાતુર થવાની, ભયભીત કે વિષાદગ્રસ્ત બનવાની આવશ્યકતા નથી. ઈશ્વર મારા સનાતન સાચા સાથી તથા સુહૃદ બનીને મારી નિત્યનિરંતર રક્ષા કરે છે. હું કદી ક્યાંય એકલો નથી પડતો. ઈશ્વર જે કાંઈ કરે છે ને કરશે તે મારા મંગલને માટે, મારા હિતનું જ કરે છે ને કરશે. એ કદી મારું અમંગલ કરી જ નથી શકતા. સંસારના સાધારણ માતા–પિતા પણ પોતાના પુત્રનું અમંગલ સ્વપ્ને પણ નથી ઈચ્છી શકતા તો પછી સમસ્ત સર્જનના સ્વામિ કે માતા–પિતા તો કેવી રીતે અમંગલ ઈચ્છી શકે? ઈશ્વર પ્રણિધાન એટલે ઈશ્વરના શ્રી ચરણોનું સર્વ સમર્પણ અથવા ભક્તિ.

યોગેશ્વરજી